પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૭/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અષાઢ સુદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૧૯૧

સુવિચાર
''સારા માણસને પ્રશંસાની પડી નથી હોતી. કારણ કે, ફૂલ પર અત્તર છાંટવાની જરૂર જ નથી હોતી.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## દેશની યુવા શકિત અને તેના સોશ્યલ નેટવર્કે જબ્બરી કમાલ કરી બતાવી

# અંતે કેન્દ્ર સરકારનાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યુ

**એક સમયે એવું કહેવાતું હતું કે કેન્દ્ર સરકારમાં કયારેય કોઈ મંત્રી રાજીનામું આપતાં નથી**

**૧૨ વર્ષમાં સૌ પ્રથમ વખત કેન્દ્ર સરકારનાં એક મંત્રીએ રાજીનામું ધરી દીધું**

**નીટ પરીક્ષાનું પેપર ફૂટયા બાદ થયેલ વિરોધ પ્રદર્શને સરકારને ઝુકાવી**

**અમેરિકાથી આવેલ એક યુવકે કોકરોચ જનતા પાર્ટીનું એકાઉન્ટ બનાવીને કરોડો યુવાનોને જાગૃત કરી દીધા**

નવી દિલ્હી, તા.૨૫

એક બાજુ જ્યાં જંતર મંતર પર વિરોધ પ્રદર્શનમાં અને બિહારમાં ચાલતા આંદોલનમાં હિંસાના સમાચાર આવી રહ્યા છે ત્યાં મોટા સમાચાર એ આવ્યા કે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધુ. નીટ યુજી પરીક્ષામાં થયેલી ગડબડીને લઈને દેશભરમાં ચાલી રહેલા વિવાદ અને આંદોલનને પગલે તેમણે આ નિર્ણય લીધો. ધર્મેન્દ્ર પ્રધાને સોશિયલ મીડિયામાં આ જાહેરાત કરી અને રાજીનામાનું કારણ પણ આપ્યું.

પત્રમાં લખ્યું છે કે હું છેલ્લા ૪ દાયકાથી વધુ સમયથી વિદ્યાર્થી, શિક્ષક અને શિક્ષણ સુધારણા માટે સમર્પિત રહ્યો છું. મારો હંમેશા એવો વિશ્વાસ રહ્યો છે કે એક સશક્ત, સમાવેશી અને દૂરંદેશી શિક્ષણ વ્યવસ્થા જ સશક્ત રાષ્ટ્રની આધારશિલા હોય છે. હું દેશના યુવાનોની આકાંક્ષાઓ, ભાવનાઓ અને તેમની ન્યાયી અપેક્ષાઓનું ઊંડું સન્માન કરું છું.

અનુસંધાન પાના ૬ ઉપર

### બસ ચાલકની તબિયત લથડતા

## અમરેલી-અમદાવાદ રૂટની એસ.ટી. બસ ટોડા ગામ નજીક સાઈડમાં ઉતરી ગઈ

**તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ**

અમરેલી, તા. ૨૫

અમરેલીથી અમદાવાદ જતી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ની બસ આજે શનિવારે સવારે અમરેલી-લાઠી હાઈવે પર ટોડા ગામ નજીક અકસ્માતનો ભોગ બની હતી. પ્રાથમિક માહિતી મુજબ બસના ડ્રાઈવરની અચાનક તબિયત બગડતાં બસ રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી.



જો કે બસમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક રીતે બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી. આ ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને બસમાં સવાર મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં મદદ કરી હતી. અકસ્માતમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### ગ્રામજનોએ મહિલા સરપંચ સમક્ષ રજૂઆત કરી

## બાબરાનાં ચમારડીમાં ખુલ્લેઆમ દારૂનાં વેચાણ સામે ગ્રામજનોમાં રોષનો માહોલ ઉભો થયો

**મહિલા સરપંચે સ્થાનિક પોલીસમાં રજૂઆત કરવાની ખાત્રી આપી**





અમરેલી, તા.૨૫

બાબરાનાં ચમારડીનાં ગ્રામજનોએ સ્થાનિક મહિલા સરપંચને આવેદનપત્ર પાઠવીને ગામમાં દારૂનું વેચાણ બંધ કરવા માટે જરૂરી કાર્યવાહી કે રજૂઆત કરવાની માંગ કરેલ છે.

ગ્રામજનોએ જણાવ્યું કે, ગામનાં ૨૦ થી ૩૫ વર્ષનાં યુવાનો દારૂનાં રવાડે ચડી ગયા છે અને દારૂનાં વ્યસનથી અનેક બાળકો અને પરિવારનાં મોભી અકાળે મોતને ભેટી રહ્યા હોય દારૂનું વેચાણ બંધ થવું જરૂરી છે.

આ અંગે મહિલા સરપંચે ખાત્રી આપી કે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિતમાં દારૂ બંધ કરવાની રજૂઆત કરવામાં આવશે.

### કળિયુગમાં તસ્કરો મંદિરને પણ છોડતા નથી

## લાઠીનાં કૃષ્ણગઢ ગામે એકી સાથે 3 મંદિરને નિશાન બનાવતા તસ્કરો

**કુલ રૂપિયા ૧.૮૯ લાખની મત્તાની ચોરી : ફરિયાદ**

અમરેલી, તા. ૨૫

લાઠી તાલુકાના કુષ્ણગઢ ગામે ગત તા. ૨૩ની રાત્રે કોઈ અજાણ્યા ચોર ઈસમે એકી સાથે ત્રણ ત્રણ મંદિરને નિશાન બનાવી અને ચાંદીના છતર તથા રોકડ મળી કુલ રૂપિયા ૧,૮૮,૦૦૦ના મત્તાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ બનાવને લઈ નાના એવા ગામમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

લાઠી તાલુકાના કુષ્ણગઢ ગામે રહેતા ધીરૂભાઈ હરીભાઈ અકબરી નામના ૭૨ વર્ષીય વૃદ્ધના માતાજીના મઢમાં ગત તા. ૨૩ના સાંજે સાડા સાતેક વાગ્યાથી તા. ૨૪ના વહેલી સવારના અંદાજે સાડા પાંચેક વાગ્યાના સમય દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ પ્રવેશ કરી બારેક વર્ષથી માનતામાં ચડાવેલ અંદાજે ૭૦-૭૫ નાના મોટા છત્તર બે કિલો ચાંદીના

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લામાં ફરી વખત આવ્યો ભૂંકપનો આંચકો

## ખાંભાના જીકીયાળી-વાંકિયા વચ્ચે ૨.૯ની તીવ્રતાનાં ભૂકંપથી હડકંપ

**ભારે વરસાદ વચ્ચે ભૂકંપનું આગમન**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં એક વખત ફરી ધરતી ધ્રુજતાં લોકોમાં ક્ષણિક ભયનો માહોલ સર્જાયો હતો. હાલ ભર ચોમાસાના વરસાદી વાતાવરણ વચ્ચે પણ આજે સવારે ખાંભા ગીર પંથકના જીકીયાળી અને વાંકિયા ગામ વચ્ચે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ મળ્યા નથી.

અમરેલી જિલ્લામાં આજે સવારે ફરી એક વખત ભૂકંપનો આંચકો અનુભાવાયો હતો.ખાંભા ગીર વિસ્તારના જીકીયાળી અને વાંકિયા ગામ વચ્ચે સવારે ૭:૪૧ કલાકે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપ નોંધાતા સ્થાનિકોમાં ક્ષણિક ભય ફેલાયો હતો.

ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી વિભાગના જણાવ્યા

અનુસંધાન પાના ૬ ઉપર

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
કોરલ ડો, ફોટોશોપ, પેજમેકર
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરના (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય સાંજે : ૭ થી ૮
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા
(B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
- સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
- નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
- ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુ:ખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,31,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૫/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ
(ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૯૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ
(ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

### સરપંચ વિપુલભાઈ કાચેલાની રજુઆત સફળ

# અરે વાહ : બાબરાનાં ખાખરીયા ગામને લાંબા સમયબાદ એસ.ટી. બસની સુવિધા મળી

## ખેડૂતો, વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનોમાં ખુશીનો માહોલ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા,તા. ૨૫

બાબરા તાલુકાના ખાખરીયા ગામના ગ્રામજનોની લાંબા સમયથી ચાલી આવતી એસ.ટી. બસ સેવાની માંગણીને આખરે સફળતા મળી છે. ગામના સરપંચ વિપુલભાઈ કાચેલાની સતત અને અસરકારક રજૂઆતના પરિણામે આજથી ગઢડા–રાજકોટ એસ.ટી. બસના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ બસ દરેડથી સીધી બાબરા જતી હતી, જયારે હવે દરરોજ સવારે ૭:૩૦ વાગ્યે ખાખરીયા ગામેથી પસાર થશે, જેના કારણે ગામના લોકોને મોટી રાહત મળી છે.

આ નવી બસ સેવા શરૂ થતાં ખાખરીયા ગામના વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ, વેપારીઓ, ખેડૂતો, મહિલાઓ તેમજ અન્ય મુસાફરોને રોજિંદી મુસાફરી માટે સરળ, સુરક્ષિત અને સુવિધાજનક જાહેર પરિવહનની સુવિધા ઉપલબ્ધ બનશે.લાંબા સમયથી ગામજનો જે સુવિધાની રાહ જોઈ રહ્યા હતા તે હવે હકીકત બનતાં સમગ્ર ગામમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

ખાખરીયા ગામના સરપંચ વિપુલભાઈ કાચેલાએ ગામના તમામ નાગરિકોને આ નવી એસ.ટી. બસ સેવાનો વધુમાં વધુ ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે જાહેર પરિવહનનો વ્યાપક ઉપયોગ થશે તો ભવિષ્યમાં પણ ગામને વધુ પરિવહન સુવિધાઓ પ્રાપ્ત કરવામાં સરળતા રહેશે.

આ લોકહિતના મહત્વપૂર્ણ કાર્યને સાકાર બનાવવા બદલ સરપંચ વિપુલભાઈ કાચેલાએ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ના તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### જિલ્લાનાં તમામ શહેરો અને ગામોએ અનુકરણ કરવુ જરૂરી

# કુંકાવાવ : જંગર ગામે ડિજિટલ ઓટો વાલ્વથી ઘરે–ઘરે સમયસર પાણી પહોંચવાનુ શરૂ કરાયુ

## પાણીનો બગાડ અટકે, સમયની બચત થાય અને વાલ્વમેનની જરૂર ન રહે




અમરેલી, તા. ૨૫

કુકાવાવ તાલુકાનું જંગર ગામ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ગ્રામ વિકાસનું અનોખું ઉદાહરણ બની રહ્યું છે. ઘરે–ઘરે સમયસર અને પૂરતું પીવાનું પાણી પહોંચાડવા માટે ગામમાં ડિજિટલ ઓટો વાલ્વ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. આ સુવિધા શરૂ થતાં પાણી વિતરણની સમગ્ર પ્રક્રિયા હવે સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત બની ગઈ છે. અમરેલી જિલ્લામાં આ પ્રકારની ડિજિટલ ઓટો વાલ્વ સિસ્ટમ અમલમાં મૂકનાર જંગર પ્રથમ ગામ હોવાનું માનવામાં આવે છે.

સરકારની નાણાપંચ યોજના હેઠળ મળેલી અંદાજે પાંચ લાખ રૂપિયાની ગ્રાન્ટમાંથી ગામમાં આ આધુનિક સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. સામાન્ય રીતે ગામોમાં પાણીનું વિતરણ કરવા માટે વાલ્વમેનની નિમણૂક કરવામાં આવે છે, જે સમય મુજબ વાલ્વ ખોલી અને બંધ કરીને વિવિધ વિસ્તારોમાં પાણી પહોંચાડે છે. પરંતુ જંગર ગામમાં હવે આ કામગીરી માનવ શકિત પર આધારિત ન રહી, મોબાઈલ એપ્લિકેશન અને ઓટોમેટિક વાલ્વ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે.

જંગર ગામના તલાટી મંત્રી સોનલબેન મહેતાએ જણાવ્યું હતું કે ગામને ડિજિટલ ટેકનોલોજી સાથે જોડવાના પ્રયાસરૂપે આ ઓટો વાલ્વ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. ગામના સરપંચના મોબાઈલમાં ખાસ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવામાં આવી છે, જેના માધ્યમથી મુખ્ય પાણીની ટાંકીનું પાણીનું લેવલ, વાલ્વની સ્થિતિ તેમજ પાણી વિતરણની સમગ્ર પ્રક્રિયા પર નજર રાખી શકાય છે. દરેક શેરી માટે અલગ–અલગ સમય નક્કી કરવામાં આવ્યો છે અને તે સમય અનુસાર ઓટોમેટિક વાલ્વ ખુલે છે, જેના કારણે દરેક વિસ્તારમાં સમાન અને નિયમિત પાણીનું વિતરણ થાય છે.

આ સિસ્ટમનો સૌથી મોટો ફાયદો એ છે કે પાણીનો બગાડ અટકે છે, સમયની બચત થાય છે અને તમામ પરિવારોને પૂરતું પાણી મળી રહે છે. જો કોઈ પરિવારને વધારાના પાણીની જરૂરિયાત હોય તો તેઓ માત્ર સરપંચનો સંપર્ક કરે છે. સરપંચ પોતાના મોબાઈલમાંથી એક જ મિનિટમાં સંબંધિત વાલ્વ ચાલુ કરી શકે છે, જેના કારણે જરૂરીયાત મુજબ તરત જ પાણી ઉપલબ્ધ થઈ જાય છે.

ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી ગામમાં પાણી વિતરણ વધુ પારદર્શક, સરળ અને અસરકારક બન્યું છે. વાલ્વમેનની જરૂરિયાત ન રહેતાં માનવશકિતનો ખર્ચ પણ ઘટયો છે અને સમગ્ર વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બની છે. ગામલોકો પણ આ નવીન વ્યવસ્થાથી ખુશી વ્યકત કરી રહ્યા છે, કારણ કે હવે તેમને નક્કી કરેલા સમયે નિયમિત પાણી મળી રહે છે.

જંગર ગામની આ પહેલ અન્ય ગ્રામ પંચાયતો માટે પણ પ્રેરણારૂપ બની શકે છે. ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્માર્ટ ગવર્નન્સ અને અસરકારક જાહેર સેવાઓ પૂરી પાડી શકાય છે તેનું જંગર ગામ જીવંત ઉદાહરણ છે. અમરેલી જિલ્લાના વિકાસમાં આ ડિજિટલ પાણી વિતરણ વ્યવસ્થા એક મહત્વપૂર્ણ સિધ્ધિ તરીકે નોંધાઈ રહી છે.

### દેલવાડા નજીક નવાબંદર ચોકડીએ તપાસ દરમિયાન

# ઉના : પોલીસે બલેનો કારમાંથી વિદેશી દારૂની ૨૨૦ બોટલ ઝડપી લીધી

## નાસી છુટેલ બુટલેગરને ઝડપવા ચક્રો ગતિમાન


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૫

ઉના તાલુકામાં દારૂની હેરાફેરી સામે પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. દેલવાડા ગામની નવાબંદર ચોકડી પાસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે વાહન ચેકિંગ ગોઠવતા દિવ તરફથી આવતી સફેદ રંગની મારૂતિ સુઝુકી બલેનો કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે કારચાલકે પોલીસના ઈશારાને અવગણીને કાર પૂરપાટ ઝડપે ભગાવી દીધી હતી.

પોલીસની ટીમે ખાનગી મોટર સાયકલ પર કારનો પીછો કરતાં દેલવાડા ગામના સીમર રોડ પર અંજાર ઝાપા નજીક બલેનો કાર બિનવારસી હાલતમાં મળી આવી હતી. કાર ચાલક અંધારાનો લાભ લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તપાસ કરતાં પાછળની સીટ અને ડિક્કીમાંથી અલગ–અલગ બ્રાન્ડના ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે કારમાંથી રોયલ ચેલેન્જ, રોયલ સ્ટેગ, રોયલ રિસ્પેકટ, મેજિક મોમેન્ટસ, ઈમ્પિરિયલ બ્લુ અને સિલ્વર ડિસ્કસ સહિતની કુલ ૨૨૦ બોટલો (૮૩.૬૭૦ લિટર) જપ્ત કરી હતી. દારૂની કિંમત ૭૪,૨૨૪ અને હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી મારૂતિ સુઝુકી બલેનો કાર નં જીજે–૧૧–સીએલ–૫૪૧૯ની અંદાજિત કિંમત ૪ લાખ મળીને કુલ ૪,૭૪,૨૨૪નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી દરમિયાન પોલીસ દ્વારા પંચનામું તૈયાર કરી દારૂના નમૂનાઓ એફએસએલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસ મુજબ દારૂ દિવ તરફથી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આ કાર્યવાહી ઉના પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ રાહુલભાઈ નારણભાઈ છેલાણાની ફરિયાદના આધારે નોંધવામાં આવી છે. પેટ્રોલિંગ દરમિયાન એએસઆઈ જોરૂભા મકવાણા, એએસઆઈ હરેશભાઈ ચુડાસમા સહિતના પોલીસ સ્ટાફે બાતમીના આધારે વોચ ગોઠવી સફળ કામગીરી હાથ ધરી હતી.

ફરાર અજાણ્યા બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(ઈ), ૯૮(૨) અને ૯૯ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ ઉના પોલીસ કારના માલિક, બુટલેગરની ઓળખ તેમજ સમગ્ર દારૂ હેરાફેરીના નેટવર્ક સુધી પહોંચવા સઘન તપાસ ચલાવી રહી છે.

### નીટ પેપર લીક મુદ્દે ગાંધીનગર ધરણાં પહેલાં

# બાબરા આમ આદમી પાર્ટીનાં કાર્યકરોની અટકાયત

## વિદ્યાર્થીઓના સમર્થનમાં જતા કાર્યકરોને રોકી દેવાયા

બાબરા, તા. ૨૫

નીટ પેપર લીક પ્રકરણમાં વિદ્યાર્થીઓને ન્યાય મળે તેમજ શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાઈ રહે તે માંગ સાથે આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા ગાંધીનગર ખાતે ધરણાં–પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા બાબરાથી નીકળેલા આમ આદમી પાર્ટીનાં તાલુકા અગ્રણી રાજુભાઈ ખાત્રોજા, બાબરા શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ મીહિરભાઈ તેરૈયા, પૂર્વ પ્રમુખ કૌશિકભાઈ ભરાડ સહિતનાં કાર્યકરોને પોલીસે વહેલી સવારે એસ.ટી. ડેપોમાંથી અટકાયત કરી હતી.

મળતી માહિતી મુજબ, બાબરાનાં આમ આદમી પાર્ટીનાં કાર્યકરો ગાંધીનગર જવા માટે નીકળ્યા હતા. ત્યારે વહેલી સવારે અંદાજે ૪:૩૦ વાગ્યે પોલીસે તેમને રોકી અટકાયત કરી હતી. પાર્ટીનાં કાર્યકરોનો આક્ષેપ છે કે રાજય સરકારનાં આદેશનાં પગલે ગુજરાતભરમાં આમ આદમી પાર્ટીનાં કાર્યકરો ગાંધીનગર ન પહોંચે તે માટે પૂર્વ આયોજન બદ્ધ રીતે કાર્યવાહી કરવામાં આવી હતી.

આ અંગે આમ આદમી પાર્ટી બાબરા શહેરનાં પૂર્વ પ્રમુખ કૌશિક ભરાડે જણાવ્યું હતું કે, ' વિદ્યાર્થીઓના ભવિષ્ય' સાથે જોડાયેલા નીટ પેપર લીક જેવા ગંભીર મુદ્દે અવાજ ઉઠાવવા જઈ રહેલા કાર્યકરોને અટકાવવું એ લોકશાહી મૂલ્યોનું હનન છે. ભાજપ સરકાર વિરોધનાં અવાજને દબાવવા માટે પોલીસ તંત્રનો ઉપયોગ કરી રહી છે, જે તાનાશાહી વલણ દર્શાવે છે. વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા માટે આમ આદમી પાર્ટીનો સંઘર્ષ સતત ચાલુ રહેશે.

આમ આદમી પાર્ટીનાં કાર્યકરોએ સરકાર સામે લોકશાહી હક્કોનું દમન કરવાનો આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના હિતના પ્રશ્ને સરકાર જવાબદારી નિભાવે અને નીટ પેપર લીક મામલે પારદર્શક તપાસ કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરે તેવી તેમની માંગ છે.

### જિલ્લા ભાજપનાં પ્રમુખ અતુલ કાનાણીએ આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

# ધારીના સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલમાં અપડેટ કરવા માંગ કરવામાં આવી

## સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટર સાથે ૧૦૦ બેડની સુવિધા ઉભી કરવી જરૂરી



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલ કાનાણીએ રાજયનાં આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાસેરીયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ધારી તાલુકા મથક છે અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે તે મુખ્ય વેપારી તેમજ આરોગ્ય વિષયક સેવાઓનું કેન્દ્ર છે. હાલમાં ધારી ખાતે કાર્યરત સામુહિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ખાતે ધારી શહેર ઉપરાંત આસપાસના ૬૪ થી વધુ ગામડાઓના લોકો અને ગીર સરહદના વિસ્તારના ગરીબ તથા મધ્યમ વર્ગના દર્દીઓ સારવાર અર્થે આવે છે. વસ્તીના વધારા અને દર્દીઓની સંખ્યાની સરખામણીમાં હાલની સુવિધાઓ અપૂરતી પડે છે. ધારી તાલુકા વિસ્તારની દ્રષ્ટિએ મોટો તાલુકો છે. અને જિલ્લા મંથકથી ૪૫ કિ.મી. જેટલું અંતર હોવાને કારણે ઈમરજન્સીના કિસ્સામાં દર્દીઓને પહોંચાડવામાં સમય બગડે છે. નજીકમાં સ્ટેટ હાઈ–વે, ગીર અભ્યારણ્ય વિસ્તાર તેમજ ખોડિયાર ડેમ હોવાથી વારંવાર અકસ્માત, પાણીમાં ડૂબી જવું અને વન્ય પ્રાણીઓના હુમલા જેવા કિસ્સા બનતા હોય છે, જેમાં તાત્કાલિક સારવારની જરૂરીયાત રહે છે.

વધુમાં જણાવેલ છે કે, સી.એચ.સી. કક્ષાએ તમામ સ્પેશિયાલિસ્ટ ડોકટર જેવા કે ગાયનેકોલોજિસ્ટ, પિડિયાટ્રિશિયન, સર્જન અને ઓર્થોપેડિક તેમજ આધુનિક મશીનરીની મર્યાદાઓ રહે છે. જો ધારી સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ (૧૦૦ બેડ સાથેની હોસ્પિટલ) તરીકે અપગ્રેડ કરવામાં આવે તો સ્થાનિક કક્ષાએ જ મિડલ લેવલની સુપર સ્પેશિયાલિટી સારવાર મળી રહેશે, જેથી દર્દીઓને અમરેલી, રાજકોટ, જુનાગઢ, કે ભાવનગર સુધી જવું નહી પડે અને કિંમતી જિંદગીઓ બચાવી શકાશે. ધારી અને આસપાસના વિસ્તારની ભૌગોલિક સ્થિતિ અને જનહિતને ધ્યાને રાખીને ધારી સી.એચ.સી.ને સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ તરીકે મંજુરી આપવા યોગ્ય હકારાત્મક કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### બાતમીના આધારે પોલીસની કાર્યવાહી

# ઉનાના ગરાળ ગામે ખુલ્લામાં ધમધમતું જુગારધામ ઝડપાયું

## પોલીસે રૂા. ૪૬૨૦૦ની રોકડ સાથે ફરિયાદ નોંધી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૫

ઉના તાલુકાના ગરાળ ગામની વેણ સીમ વિસ્તારમાં આવેલા પડતર ખેતરમાં ખુલ્લે આમ પૈસાની હાર જીત સાથે તીન પત્તીનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ઉના પોલીસે દરોડો પાડી સાત જુગારીઓને રંગેહાથ ઝડપી પાડયા હતા. પોલીસે સ્થળ પરથી કુલ રૂા. ૪૬,૨૦૦ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ–૧૨ હેઠળ ગુનો નોંધ્યો છે.

ઉના પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ સુનીલભાઈ કેશવભાઈ બાંભણિયા તથા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે ગરાળ ગામની વેણ સીમમાં કેટલાક લોકો ખુલ્લામાં પૈસા લગાવી તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે બે પંચોને સાથે રાખી પોલીસે સ્થળ પર કોર્ડન કરી દરોડો પાડતા સાતેય જુગારીઓને જુગાર રમતા ઝડપી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલા જુગારીઓમાં ઈન્દ્રજીતસિંહ જસમતસિંહ રાઠોડ, કનસિંહ ભીખુભા રાઠોડ, મનહરસિંહ જીલુભા રાઠોડ, ભરતસિંહ રમજુભા રાઠોડ, કમલેશભાઈ કલ્યાણદાસ કુબાવત, અજીતસિંહ બચુભા રાઠોડ (તમામ રહે. ગરાળ) તેમજ લધુભા ગગજીભાઈ વાજા (રહે. સુલતાનપુર), તા. ઉના વાળાઓનો સમાવેશ થાય છે.

પોલીસે જુગારીઓ પાસેથી અલગ–અલગ રકમ મળી કુલ રૂા. ૩૪,૭૦૦ રોકડા અને જુગારની પટ પરથી રૂા. ૧૧,૫૦૦ રોકડા મળી કુલ રૂા. ૪૬,૨૦૦ કબજે કર્યા હતા.


આ સમગ્ર કાર્યવાહી દરમિયાન એએસઆઈ જોરૂભા નારણભા મકવાણા, એએસઆઈ હરેશભાઈ લખમણભાઈ ચુડાસમા સહિત પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો. પોલીસે સાતેય જુગારીઓ સામે ગુજરાત જુગાર ધારા કલમ–૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




### સરપંચનાં ખેતરમાં દેખા દીધી

# ગીરગઢડાનાં ફુલકા ગામે ૪ વર્ષનો માદા દીપડો ઓરડીમાં ઘુસી ગયો

## પાંચ કલાક બાદ સફળ રેસ્કયુ કરવામાં આવ્યુ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૫

ગીર ગઢડા તાલુકાના ફૂલકા ગામમાં આશરે ૪ વર્ષની માદા દીપડી ખેતરની ઓરડીમાં ઘૂસી જતાં સમગ્ર ગામમાં ચકચાર મચી ગઈ હતી. ગામના સરપંચના ખેતરમાં આવેલા માતાજીના મઢમાં સરપંચના પુત્ર જાદવભાઈ વાઘેલા દર્શન કરવા માટે પહોંચ્યા હતા. તે દરમિયાન ઓરડીમાં માદા દીપડી લિપટાઈને બેઠેલી નજરે પડતાં તેઓ ચોંકી ઉઠયા હતા.

જાદવભાઈએ ગભરાટમાં કોઈ ઉતાવળ કર્યા વિના સમજદારીબપૂર્વક તાત્કાલિક ઓરડીની બહાર નીકળી દરવાજો બંધ કરી દીધો હતો. તેમની સમયસૂચકતા અને સતર્કતાના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. ત્યારબાદ ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવતા વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

વન વિભાગની ટીમ સાથે વેટરનરી ડોકટરો પણ સ્થળ પર પહોંચ્યા હતા. માદા દીપડીને સુરક્ષિત રીતે કાબૂમાં લેવા માટે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી રેસ્કયૂ કામગીરી શરૂ કરવામાં આવી હતી. દીપડી આક્રમક બની શકે તેવી સંભાવનાને ધ્યાનમાં રાખી વેટરનરી ડોકટરે ટ્રન્કવીલાઈઝર ગન દ્વારા તેને બેભાન કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ વન વિભાગના કર્મચારીઓએ સાવચેતીપૂર્વક માદા દીપડીને પાંજરામાં પૂરવામાં સફળતા મેળવી હતી.

આ સમગ્ર રેસ્કયૂ કામગીરીમાં આશરે પાંચ કલાકનો સમય લાગ્યો હતો. કામગીરી દરમિયાન જસાધાર વન વિભાગના જીતેન્દ્ર બાંભણિયા, વલકુભાઈ સહિત વન વિભાગનો સ્ટાફ સતત સ્થળ પર હાજર રહી કામગીરીમાં જોડાયો હતો. તેમની સુનિયોજિત કામગીરીના કારણે કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહોતી.

ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર ઉમટી પડયા હતા, જેના કારણે થોડા સમય માટે ભય અને ઉત્સુકતાનો માહોલ સર્જાયો હતો. રેસ્કયૂ પૂર્ણ થયા બાદ પાંજરે પુરાયેલી ૪ વર્ષની માદા દીપડીને વધુ આરોગ્ય તપાસ અને નિરીક્ષણ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી.

વન વિભાગે લોકોને અપીલ કરી છે કે જંગલી પ્રાણી દેખાય ત્યારે ગભરાટ ફેલાવવાને બદલે સુરક્ષિત અંતર જાળવી તાત્કાલિક વન વિભાગને જાણ કરવી, જેથી સમયસર રેસ્કયૂ કામગીરી હાથ ધરી શકાય.

## જગતાત ગણાતા ખેડૂતોને દર વર્ષે શેત્રુંજી નદીનો પાણીનો પ્રવાહ પરેશાન કરે છે

# અરેરાટી : જુના સાવર ગામે ૧૨ વિઘા જમીનમાં પાણી ફરી વળ્યા

**એક દાયકાથી નદીકાંઠે પુર સંરક્ષણ દીવાલ બનાવવાની માંગ છતાં કામ થતું નથી**

**બબ્બે વખત વાવણી કર્યા બાદ પણ ખેડૂતોની મુશ્કેલી ઓછી થતી નથી**

**ચૂંટણી વખતે રાજકીય આગેવાનો હથેળીમાં ચાંદ બતાવીને જતાં રહેતા હોવાનો આક્ષેપ**

**ખેડૂતોની હાલત અતિ દયનીય બની ચુકી હોય એકાદ જનપ્રતિનિધિ મદદે આવે તો સારૂ**



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં અવિરત વરસાદથી ખેડૂતોના ખેતીપાકો અને ખેતીની જમીનો ધોવાઈ જતા ખેડૂતોની દશા કફોડી બની છે. ત્યારે સાવરકુંડલાના જુના સાવર ગામે ખેડૂતોની ૧૬ હજાર વિઘા જમીનોમાંથી ૧૨ હજાર વિઘા જમીનો પર શેત્રુંજી નદીના પાણી ફરી વળતા ખેડૂતો બે બે વાર વાવેતર કર્યા બાદ ખેતીની જમીનો ધોવાઈ જતા ખેડૂતો હતાશ બની ગયા છે અને કપાસ, મગફળીના કરેલા વાવેતર બાદ ગઈ ૫ જુલાઈએ વરસાદે વિનાશ વેર્યા બાદ ગઈકાલે ફરી ભારે વરસાદથી જૂના સાવર ગામ બેટમાં ફેરવાઈ ગયું હતું ને શેત્રુંજી નદીના પાણીએ ખેડૂતોને ખેતીની જમીનો જ ધોઈ નાખતા ખેડૂતો પૂર સંરક્ષણ દીવાલ ન હોવાથી છેલ્લા ૧૦ વર્ષથી આ ગંભીર પ્રશ્ન માથાનો દુ:ખાવો બન્યો છે. ૨૦૧૫ માં જૂના સાવર ગામની પૂર સરક્ષણ દીવાલ તૂટયા બાદ હજુ સુધી પૂર સંરક્ષણની દીવાલ બનતી ન હોય ને નેતાઓ ચૂંટણી ટાઈમે દીવાલ બનાવવાના વાયદાઓ કર્યા કરે છે ને ગાંધીનગરમાં ફાઈલ પેન્ડિંગ પડી હોવાના ગીત ગાઈ રહ્યા હોય. ત્યારે ખેડૂતોની દશા અને દિશા વધુ દયનીય બની હોવાનું જણાઈ રહ્યું છે ને ખેડૂતો વહેલીતકે પૂર સંરક્ષણ દીવાલ બને તો દર વખતે શેત્રુંજી નદીના પાણી ગામમાં ઘૂસે તે બંધ થાય અને ખેડૂતોની જમીનોમાં આવી ગંભીર સ્થિતિ ન થાય તેવું સરકાર સમક્ષ હૈયા વરાળ ઠાલવી રહ્યા છે.

### સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠ દ્વારા

## બાબરાનાં કિરીટભાઈ બગડા અને ભીખુભાઈ બગડાનું સન્માન

**સમાજનાં ગૌરવ સમાન લોકપ્રતિનિધિઓનું સન્માન**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૫

સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠ, અમરેલી જિલ્લા દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં વિજયી બની સમાજનું ગૌરવ વધારનારા લોકપ્રતિનિધિઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. સમાજનાં આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જનસેવાના ક્ષેત્રે મહત્વની જવાબદારી સંભાળનાર પ્રતિનિધિઓને સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠનાં પ્રદેશ પ્રમુખ ભાણજીભાઈ બગડાનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રમુખ જીગ્નેશભાઈ દાફડાનાં હસ્તે બાબરા તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન કિરીટભાઈ બગડા તથા બાબરા નગરપાલિકાનાં સભ્ય ભીખુભાઈ બગડાને સન્માનપત્ર અર્પણ કરી તેમનું ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાપીઠનાં આગેવાનોએ જણાવ્યું હતું કે, સમાજમાંથી ચૂંટાઈને જાહેરજીવનમાં મહત્વની જવાબદારી નિભાવતા લોકપ્રતિનિધિઓનું સન્માન કરવુંએ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત છે. બંને પ્રતિનિધિઓ સમાજહિત અને લોકકલ્યાણનાં કાર્યોમાં વધુ ઉત્સાહ સાથે સેવા આપે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ખેતીની જમીન વેચવાની છે
અમરેલી તાલુકાના પીપળલગ ગામે અમરેલી-રાંઢીયા ડબલ પટ્ટી રોડ ટચ ૧૦ વિઘા
ફળદ્રુપ ખેતીની જમીન વેચવાની છે. અમરેલીથી માત્ર ૧૦ કિ.મી., 15 Kw વિજ કનેકશન સાથે ઓટોમેટીક મોટર, ૭૫૦ ફુટ ઉંડો બોર, બારમાસી પાણીની સુવિધા, ખેતી તેમજ રોકાણ માટે ઉત્તમ તક, તમામ દસ્તાવેજો સ્પષ્ટ અને કાયદેસર, માત્ર ગંભીર અને રસ ધરાવતા ખરીદદારો જ સંપર્ક કરે
(દલાલ ભાઈઓ આવકાર્ય)
સંપર્ક મો : ૯૮૨૫૫ ૧૭૫૪૭, ૯૮૨૫૨ ૦૫૮૭૯

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com





HF Deluxe
ALL NEW HF Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹2100
Hero
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254





MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999





Crafted with a Striking New Design
NEW Fascino 125 Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪





સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX
₹71,265/-
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

હમરાજ ગાઠીયા હાઉસ
આદિત્ય
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઈટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઇ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

# છોટી સી મુલાકાત પ્યાર બન ગઈ... પ્યાર બન કે.. યા. યા. હિપ્પી.. યા તુજે દેખા, તુજે ચાહા તુજે પુજા મેને, બસ ઇતની ખતા હૈ મેરી.. મત જા. મત જા.. મેરે બચપન,, નાદાન, બચપન ને કહા મુજ સે મે હું

ફિલ્મી સફર (એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ ..૨૯૫ –૧૯૬૭**

**પ્રિય વાચક મિત્રો,**

આગામી સપ્તાહ માં ગુરૂ પુર્ણિમાનો તહેવાર આવી રહ્યો છે, પણ આજે ભારતના વિદ્યાર્થી આ પોતાના હક માટે લડત આપી રહ્યા છે, જે માટે આજે ગુરૂએ દક્ષિણા લેવા કરતાં તેમના વિદ્યાર્થી આને સાચી રાહ બતાવી અને તેને લડતમાં સાથ આપવો જોઈએ. પ્રથમ ગુરૂ માતા, બીજા ગુરૂ પિતા અને ત્યારબાદ શિક્ષક આવે છે. બાળકોના ભવિષ્યની લડાઈ તેઓ જાતે લડી રહ્યા છે, ત્યારે તેમને સાચું નીતિ મુજબની લડાઈનું માર્ગ દર્શન આપવું, અને અને સહકાર આપવો તે જ આજ ની ગરૂ પુર્ણિમાનું સૌનું કર્તવ્ય છે.

૧૯૬૭માં મનોજ કુમાર, સુનિલ દત સૌથી વધુ સફળ કલાકાર રહ્યા, દેવ, રાજ અને દિલિપ પણ ૧૯૬૭ માં ચમકયા, જેમાં દેવ અને દિલિપ સફળ રહ્યા,ગત વર્ષના સફળ હીરો ધર્મેન્દ્રના ફાળે આ વર્ષે એક પણ સુપર હિટ ફિલ્મના આવી. તો શમ્મી અને જોય એ તેમની લોકપ્રિયતા જાળવી રાખી. નવા આવેલ અને ઘણા સમયથી સંઘર્ષ કરતાં જીતેન્દ્રને આ વર્ષે લોટરી લાગી ગઈ, અને તેની ફિલ્મ સુપર હિટ રહી. તો રાજેન્દ્રકુમારના ફાળે એવેરેજ ફિલ્મ અને નિષ્ફળ ફિલ્મો આવી. અભિનેત્રીમાં આશા પારેખ, શર્મિલા ટાગોર, સાયરા બાનુ, નુતન, વૈજયંતી માલા, વહિદા રહેમાન, બબીતા, અને નવી આવેલ વિમી સફળ રહ્યા, તો નરગિસ ઘણા સમયે સફળ ફિલ્મ લઈ આવ્યા, મુમતાઝ માટે આ વર્ષ મુખ્ય અભિનેત્રીરૂપેના દ્વાર ખોલી ગયું. બીજા કલાકારોની વાત કરીયે તો, રાજેશ ખન્ના, ફિરોઝ ખાન, સંજય ખાન, દારા સિંગ,




વિશ્વજિત, સંજીવ કુમાર, સફળતા માટે ઝખી રહ્યા છે. પ્રાણ આ વર્ષે સફળ ખલ નાયક અને ચરિત્ર ભૂમિકા માં બાજી મારી ગયા. અશોક કુમાર અને પ્રદીપ કુમાર હમેશા મુજબ સફળ રહ્યા. અભિનેત્રી માં, સાધના, પદ્મિની, મીના કુમારી, તનુઝા, નંદા, એ એવેરેજ ફિલ્મોથી સંતોષ લેવો પડયો. સૌથી સફળ અને વ્યસ્ત અભિનેત્રીમાં મુમતાઝ છવાઈ ગયા. શશિકલા,લક્ષ્મી છાયા, અને અરૂણા ઈરાની પણ સફળ રહ્યા, પણ હેલેન વેંપ અને ડાન્સરમાં અગ્રેસર રહ્યા.

આજે વાત કરીશું ઉતમકુમારની ફિલ્મ છોટી સી મુલાકાત ની. પણ તે પેહલા બંગાળના સફળ કલાકાર અને બંગાળના દિલિપ કુમાર કહી શકાય તેવા ઉતમકુમારની વાત કરીયે. અરૂણ કુમાર ચટ્ટોપાધ્યાય એટલે ઉતમ કુમારનો જન્મ ૩–૯–૨૬ના રોજ કલકતામાં થયો. તેઓ તે સમયે બી કોમનો કોર્ષ કરેલ હતો. એટલે કે ઉચ્ચ અભ્યાસ તેમણે પ્રાપ્ત કરેલ હતો. તેઓએ બે લગ્ન કર્યા હતા. પેહલા પત્ની ગેરી ચેટરજી સાથે તેમનું લગ્ન જીવન ૧૯૪૮ થી ૧૯૬૩ સુધી રહ્યું. અને ૧૯૬૩માં તેમણે સુપ્રિયા દેવી સાથે લગ્ન

કર્યા.જે જીવનના અંત સુધી બન્નેએ સાથ નિભાવયો હતો. ઉતમકુમારે તેમની પહેલી પત્નીથી અલગ થયા ના હતા. તેઓને પેહલી પત્નીથી એક પુત્ર પ્રાપ્ત થયો હતો. ઉતમકુમાર એક બ્રાહમન પરિવારથી હતા. તેઓ ત્રણ ભાઈ બહેનમાં સૌથી મોટા હતા. તેમનું નામ ઉતમ તેના નાના એ રાખ્યું,પણ માતાએ અરૂણ નામ રાખ્યું, તે સમયે ગુરૂ શ્રી પુર્ણાએ તેને ફરી ઉતમ નામ આપ્યું હતું.ઉતમ કુમાર બંગાળના મહા નાયક કહેવાય છે. ૧૯૫૦ થી ૧૯૭૦ સુધી માં તેઓ એ બંગાળી નાટક અને ફિલ્મોમાં જબરી સફળતા મેળવી હતી. સૂચિત્રા સેન અને સુપ્રિયા દેવી સાથે તેમની જોડી લોકપ્રિય રહી હતી.૧૯૫૭ માં તેઓ એ પોતાની ફિલ્મ નિર્માણ સંસ્થા ઊભી કરી હતી. ૧૯૬૭ માં તેઓ એ તેમની બંગાળી ફિલ્મ અગ્નિ પરીક્ષા પર થી તેમના જ નિર્માણમાં હિન્દીમાં છોટી સી મુલાકાત ફિલ્મ બનાવી. અગ્નિ પરીક્ષા સફળ રહી, પણ છોટી સી મુલાકાત સફળ ના રહી. ઉતમ હમેશા ગરીબ કલાકારોને મદદ કરતાં રહ્યા હતા. તે માટે તેમણે શિલ્પી સંઘ નામની સંસ્થા પણ ઊભી કરી હતી. ઉતમ કુમારનું અંગત જીવન બે લગ્નના લીધે ચર્ચા સ્પદ રહ્યું હતું. હિન્દી સિનેમા માં તેમને ફિલ્મ ફેર પુરૂષકાર અમાનુષ માટે મળ્યો હતો. ૧૯૮૦ સુધી તેઓ ફિલ્મોમાં સક્રિય રહ્યા હતા. અને એક ફિલ્મના શૂટિંગ બાદ તેમને હૃદય રોગનો હુમલો આવ્યો અને, ૨૪–૭–૮૦ ના રોજ તેઓ અમર થયા હતા. ઉતમકુમારના નામે કલકતામાં મેટ્રો સ્ટેશનનું નામ પણ રાખવામાં આવ્યું હતું અને ૨૦૦૯ માં પોસ્ટ દ્વારા તેમના ચિત્રની ટપાલ ટિકિટ પણ બહાર પડી હતી.

આ ફિલ્મમાં યોગિતા બાલી એક બાળ કલાકારની ભૂમિકામાં દેખાય છે, તેમનો પરિચય તેના અભિનેત્રીરૂપેની ફિલ્મમાં આપીશું. ૧૯૫૨માં જન્મેલા યોગિતાએ અહી યાદગાર અભિનય આપેલ છે.

છોટી સી મુલાકાત – ઉતમકુમારના નિર્માણ અને એલો સિરકારના નિર્દેશનમાં, આશા પુર્ણા દેવીની નોવેલ અગ્નિ પરીક્ષા પર આધારિત આ ફિલ્મનું સંગીત શંકર જયકિશનનું અને ગીત શૈલેન્દ્ર અને હસરત જઈપૂરી ના હતા. ફિલ્મમાં ઉતમકુમાર, વૈજયંતી માલા, રાજેન્દ્ર નાથ, શશિકલા, વિના, તરૂણ બોજ, પ્રતિમા દેવી, બદ્રિ પ્રસાદ, બેબી યોગિતાએ અભિનય આપ્યો હતો. એક નાની ભૂમિકામાં સંજીવ કુમાર પણ દેખાયા હતા.

ફિલ્મની કથા બાળ વિવાહ પર આધારિત છે, આજે ભારત ૨૧ મી સદીમાં આવી ગયું છે, છતા, કોઈ જગ્યાએ બાળ લગ્ન થતાં જોવા મળે છે. લગ્નએ સામાજિક બંધન છે તે બરાબર છે, પણ લગ્ન બે આત્મા, બે મનનું પણ મિલન છે. જો બન્ને પાત્ર એકબીજાને પસંદના કરે, કે બન્ને પાત્રની યુવાન થયા બાદ યોગ્યતા બરાબર ના હોય તો કયારેક તે લગ્ન બંધન બની જતાં હોય છે. આવી




કહાની લઈ આ ફિલ્મ આવી હતી. બે બાળકોના બચપણમાં લગ્ન કરી દેવામાં આવે છે. પણ બાળકીના પિતા અને માતા આ લગ્નનો વિરોધ કરે છે. બાળકી ( વૈજયંતી માલા ) યુવાન થયા બાદ એક નવયુવાન ઉતમ ને ચાહે છે. ઉતમ એક સારા પરિવારનો ધનિક યુવક છે. બન્નેની સગાઈની તૈયારી સમયે વૈજયંતીના બાળ સમયના લગ્નની વાતના લીધે સગાઈ અટકી જાય છે. વૈજયંતી જે એક દસ વર્ષની તરૂણી હતી, તેની યાદોમાં તે લગ્નની તસ્વીરો ફરતી જ હોય છે, તે એક ભારતીય નારીને અનુરૂપ તેના પતિ જેને તેણે જોયો પણ નથી તેની સાથે રેહવા જવાનો નિર્ણય કરે છે. અને તેના પ્રેમને ભૂલાવવા પ્રયત્ન કરે છે. તે તેના સાસરે પહોચે છે, ત્યાં તેને તેના બાળપણના પતિના રૂપમાં પણ ઉતમ કુમાર જ મળે છે. ત્યારે ઉતમ તેને કહે છે કે, જો બન્ને એકબીજાને સમજીના શકયા હોય તો લગ્ન એક બંધન લાગે છે.તેથી તેણે વૈજયંતીને પ્રેમ આપીને અપનાવી હતી.


ફિલ્મ માત્ર આશા જી અને રફી સાહેબના ગીત. છોટી સી મુલાકાત પ્યાર બન ગઈ.. યા. યા હિપ્પી હિપ્પી યા યા થી વધુ યાદ કરાય છે. ફિલ્મને ઉતમ કુમારના યાદગાર અભિનયને પણ સ્થાન આપી શકાય છે. આ ફિલ્મ સફળ ના રહી.

હવે વાત કરીયે સંજય ખાનની ફિલ્મની, જેમાં એક સ્ત્રીની વાસ્તવિકતા રજૂ કરવામાં આવી છે, એક સ્ત્રીનું કયારેક પુરૂષો દ્વારા હમેશા શોષણ જ કરવા માં આવે છે. જેમ કે આ ફિલ્મની નારી પર બળાત્કાર થઈ જાય છે, લગ્ન બાદ તેના પતિને તે બાબતે ખબર પડે છે, તેમનો એક પુત્ર પણ છે, છતાં તે નારીને ઘર થી દૂર કરે છે. એ જ નારી તેના પર દુષ્કર્મ કરનારને મારી નાખે છે, તો તેને કોર્ટમાં લઈ જવા માં આવે છે. આ ફિલ્મનું નામ છે મિલન કી રાત અને તેનું નિર્દેશન કર્યુ છે, આર ભટ્ટચર્ય ને, નિર્માણ પ્રકાશનું છે. ગીત આનંદ બક્ષી અને સંગીત લક્ષ્મીકાન્ત પ્યારેલાલનું છે. ફિલ્મમાં સંજય ખાન, શર્મિલા ટાગોર, પ્રકાશ, લક્ષ્મીછાયા, હેલેન, જહોની વોકર, શ્યામા, અભિ ભટ્ટા ચાર્ય, જીવન કલા, જાનકી દાસ અને ચાંદ ઉસમાનીએ કામ કર્યુ છે. કહાની ટૂંકમાં શર્મિલા તેના સાવકા ભાઈ ભાભી પાસે રેહવા આવે છે, તેને સંજય સાથે પ્રેમ થાય છે, પણ શર્મિલા પર પ્રકાશ દુષ્કર્મ કરે છે, શર્મિલા આત્મ હત્યાનો પ્રયત્ન કરે છે, પણ અભિ તેને બચાવી લે છે. સંજય અને શર્મિલાનું ફરી મિલનથાય છે, બન્ને લગ્ન કરે છે, એક પુત્ર પ્રાપ્ત થાય છે, અને સંજયને તેના પર થયેલ દુષ્કર્મની ખબર પડે છે તો તેને ઘર થી દૂર કરે છે. અંતે શર્મિલા પ્રકાશની હત્યા કરે છે, અને સાચી હકીકત જાણ્યા બાદ સંજય તેને કોર્ટથી નિર્દોષ છોડાવે છે. ફિલ્મમાં લક્ષ્મી– પ્યારેનું સંગીત યાદગાર છે. ફિલ્મના ગીતો સફળના રહ્યા પણ સંગીત સારૂં છે.

આઈ એસ જોહરની ફિલ્મ જોહર ઈન બોમ્બેની વાત કરીયે શાંતિ લાલ સોનીના નિર્દેશનમાં, અને સી એમ ઠક્કરના નિર્માણ માં, આઈ એસ જોહર, સોનિયા સાહની, રાજેન્દ્ર નાથ, મદન પૂરી, કે એન સિંગ, લક્ષ્મી છાયા, અને પોલસનથી અભિનીત આ ફિલ્મ માં પોલસન દ્વારા એક જીનનું પાત્ર ભજવાયું છે, જે મેહમુદને વધારે લાગ્યું અને તેણે ફિલ્મ કરવાની ના કહી, તેના બદલે અહી રાજેન્દ્ર નાથને સમાવાયા, ફિલ્મ કોમેડી એકશન રહી, પણ સફળ નહીં. મેહમુદની ફિલ્મ લંબુ ઈન હોંગ કોંગ જેમાં મેહમુદ, શેખ મુખતરએ કામ કર્યુ પણ સફળના રહી. આગામી અંકમાં ફિરોઝ ખાન અને સંજીવકુમારની ફિલ્મો સાથે મળીશું. આભાર. હિતેશ જોશી. ૨૬–૭–૨૬

# ॥ જીવન જીવવાની કળા એટલે, વિનય, વિવેક, કૃતજ્ઞતા

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


સીટી બસ આવી. બસસ્ટેન્ડમાં થોડી ભીડ હતી. એક પ્રૌ વયના બહેન બસમાં ચડતા હતા. તે પાછળ એક યુવાન બહેનને ધક્કો મારી બસમાં ચડી ગયો. પાછળ લટકાવેલ થેલો, પણ બહેનને વાગતો ગયો. બહેન ગુસ્સામાં બસમાં ચડતા બોલ્યા. આ તે કેવા સંસ્કાર ? મને ધકકો મારીને ચડી ગયો. મેં તેમની સામે જોઈ બાજુની સીટ પર બેસવા કહ્યુ બેનનો રોષ ચાલુ હતો આટલી મોટી ઉંમરના યુવાનોમાં સંસ્કાર નથી. મા–બાપે સંસ્કારનું જ્ઞાન આપવું જોઈએ.

બહેનની વાત સાચી હતી. સંસ્કારનું શિક્ષણ સૌ પ્રથમ ઘરમાંથી મળવુ જોઈએ ‘‘જનની ગુરૂણામ ગુરૂ’’ માતા ગુરૂઓની પણ ગુરૂ છે. બાળકોને સંસ્કાર શિસ્તનાં પાઠ દરેક કુંટુબમાંથી મળવા જોઈએ વડીલોને સન્માન આદર કરવો વિનય – વિવેક વગરની કેળવણી અધુરી ગણાય : આજે જ અખબારમાં એક સમાચાર છે. ટેકનોલોજીમાં ગ્રેજયુએટ થયેલો ગોલ્ડ મેડાલિસ્ટ યુવાને આત્મહત્યા કરી પોલીસને પાંચ લીટીની સ્યુસાઈડ નોટ મળી. તેમાં માત્ર એટલું જ લખ્યું હતું : ‘‘સોરી – મમ્મી–પપ્પા. ઘણી અરજી કરવા છતા નોકરી મળી નહિ...

અભ્યાસ પાછળ મા–બાપ પારવગરની મહેનત કરે છે. મા–બાપ પૈસા, સમય, પ્રેમનું બલિદાન આપી ભણાવે છે. અને એક સામાન્ય તુચ્છ કારણોસર આત્મહત્યા કરવી તે કેવુ કહેવાય ? બાળકોને મોટી ડીગ્રી મોટી કોલેજ ઉચ્ચ શિક્ષણ સાથે પારિવારિક પ્રેમને પણ ભણાવવાની જરૂર છે. અતિશય ખર્ચ ખૂબ પ્રતિષ્ઠા વાળી કોલેજ ગુણવત્તાયુકત શિક્ષણ માટે ભલે જરૂરી હોય પણ જીવન સ્પર્ધા, નિષ્ફળતાથી ભરેલું છે તેથી સંવેદનહીન સમાજમાં તરતા તરતા આગળ વધતા શીખવવું જોઈએ.

શબ્દસૃષ્ટિના એક અંકમાં શરીફાબેન વીજળીવાળા તે એઠે યુવાન રામમોરીની મુલાકાલ દરેક વિદ્યાર્થીએ વાંચવા જેવી છે. શિહોર પાસેના નાના ગામડામાં ભણેલ હતા. આ યુવાન હાઈસ્કુલનું શિક્ષણ શિહોર પછી સાયન્સ લાઈનમાં ભાવનગર ભણવા જાય છે. ધોરણ ૧૧માં નાપાસ થાય છે. બીજીવાર ફેઈલ થતા અભ્યાસ છોડી ઘરે આવે છે. માબાપ ને ચિંતા થાય છે કે આ છોકરો શું કરશે ? રામ મોરીને નાનપણથી વાંચનનો શોખ હતો.

ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતુ કલાપી વગેરે વગેરે પુષ્કળ સાહિત્ય વાચ્યુ અને સ્વય લખવાની શરૂઆત કરી. ઘણી ગુજરાતી ફિલ્મો જોઈ અને નાટક–સંસ્થાઓન અને નાટકો મોકલ્યા ઈશ્વરકૃપા થઈ એક પછી એક તેમની વાર્તાઓ, નાટકો સ્વીકારતા ગયા ખૂબ પૈસા મળ્યા પ્રતિષ્ઠા મળી ૩૦–૩૨ની ઉંમર ભાગ્યે જ આવી અદ્‌ભુત સફળતા લોકપ્રિયતા મળે તેવી કીર્તિ મળી. ગુજરાતી ફિલ્મો બની અને બીજી ઘણી ફિલ્મોની પટકથા લખવા આમંત્રણ મળ્યુ છે. હવે જો તે ડોકટર થવાની સ્વપ્નો જોતો આ યુવાન નાસીપાસ થયો હોત તો ? જેની પાસેથી માર્ગદર્શન સલાહ મળી છે તેમને કૃતજ્ઞતાપૂર્વક પોતે યાદ કરે છે. ફોન કરે છે.

કૃતજ્ઞતાનો ગુણ વિશે એક પ્રસંગ વાચ્યો હતો. આફ્રીકાના હબસીઓને પકડી અમેરિકા અને બીજા દેશોમાં મજુરી કરવા વેચવામા આવતી, સ્ત્રી–પુરૂષોને દોરડેથી બાંધી બજાર ભરાતુ. આપણે જેમ શાકભાજી તપાસી તપાસીને લઈએ છીએ તેમ આ જીવતા માણસોને ખરીદીને લઈ જતા અને ખૂબ કામ કરાવતા આમાંથી કોઈ ગુલામ ભાગી જાય તો મોતની સજા થતી. પરંતુ એક હબસીને પકડી લઈ જતા હતા અને તક જોઈ ભાગ્યો નજીકમાં ગાઢ જંગલ હતું. વેપારીના માણસો હથિયાર લઈ પકડવા દોડયા. હબસી યુવાન હતો પરંતુ થાકયો હોવાથી તેમણે એક ગુફા જોઈ. ગુફામ ઘુસી સંતાઈ ગયો. તેણે જોયું કે એક કદાવર સિંહ પોતાની બાજુમાં કણસી રહ્યો હતો અને પગ પછાડતો હતો. હબસીએ જોયું કે પગમાં એક મોટો શૂળ કાંટો ઘુસી ગયો હતો. સિંહે પાસે થઈ હાથ ફેરવતા કાંટો ખેંચીને કાઢી નાખ્યો. સિંહ તુર્ત જ ગુફા છોડી ભાગી ગયો. પાછળ આવેલા સૈનિકોએ ગુફામાં પ્રકાશ નાખ્યો તો ગુલામ પકડાય ગયો. પંદર દિવસ પછી કોર્ટે સજા ફરમાવી જીવતા સિંહને પીંજરામાં પૂરી હબસી યુવક સામે છૂટો મૂકયો. સિંહ ફાડી ખાય અને મરી જાય ત્યાં સુધી આ દશ્ય જોવા બોલાવેલા ઘણા નાગરીકો જોવા આવ્યા. ગુલામને લોખંડના તાર વાળી વાડમાં પૂર્યા અને સિંહને પીંજરામાં છૂટો કર્યો સૌ સ્તબ્ધ બની જોઈ રહયા હતા. સિંહ યુવાન પાસે ગયો અને પગ પાસે બેસી પગ ચાટવા લાગ્યો અડધી કલાક સુધી સિંહ ન મારે તો કેદીને છોડી મૂકવાનો નિયમ હતો સિંહની કૃતજ્ઞતા કેવી આપણે માણસો કેવા ?

# ખુરશીનું વજન કે રાજધર્મ નૈતિકતા વગરના નેતાઓ




દિલ્હીમાં મારી સુધી મંત્રીજી પોતાની ખુરશી ઓફિસ જંતર–મંતરની સાવ નજીક આવેલી હોવાથી, છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા દેશના યુવાનો અને વિદ્યાર્થીઓના આક્રોશને મેં સાવ નજીકથી જોયો છે. કાળઝાળ ગરમી, પોલીસના બેરિકેડ્સ અને પોતાની કારકિર્દી માટે રસ્તા પર ઉતરેલા એ નવજુવાનોના ચહેરા પરની નિરાશા અને ગુસ્સો જોઈને કોઈ પણ સંવેદનશીલ માણસનું કાળજું કંપી જાય. લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જયારે રમત રમાય, ત્યારે એ માત્ર એક ટેકનિકલ ખામી નથી હોતી, પણ આખા દેશના ભવિષ્ય પર મોટો ઘા હોય છે. મારી પૂર્ણ સંવેદના અને પૂરેપૂરો ટેકો દેશના આ લડાયક વિદ્યાર્થીઓ સાથે છે.

પણ સૌથી વધુ દુઃખ એ વાતનું થાય છે કે આટઆટલો વિરોધ, આટલી મોટી ગડબડ અને યુવાનોની આંતરડી કકળતી હોવા છતાં, આપણા શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા કે જવાબદારી સ્વીકારવા પર સરકારમાં હજુ સુધી કોઈ પાકો નિર્ણય લેવાયો નથી. હું આ લેખ લખી રહ્યો છું ત્યાં પર સાબુદાણાની જેમ ચોંટી રહ્યા છે !

**કયાં ગયું નેતાઓનું નૈતિક કેપિટલ ?**

એક સમય હતો જયારે રાજકારણમાં હોદ્દા કરતાં ‘નૈતિકતા’નું વજન વધારે હતું. જયારે દેશમાં મોટી દુર્ઘટનાઓ બનતી, ત્યારે મંત્રીઓ કોઈ જ સ્પષ્ટતા આપ્યા વગર સીધા રાજીનામા આપીને પોતાની આત્મશુદ્ધિ કરતા.

૧૯૫૬માં અરિયાલુર રેલવે દુર્ઘટના ઘટી, ત્યારે દેશના તત્કાલીન રેલવે મંત્રી લાલબહાદુર શાસ્ત્રીજીએ અકસ્માતમાં પોતાની કોઈ સીધી ભૂલ ન હોવા છતાં ‘‘નૈતિક જવાબદારી’’ સ્વીકારીને રાજીનામું ધરી દીધું હતું !

૧૯૯૯માં ગાસલ રેલવે અકસ્માત થયો ત્યારે નીતિશ કુમારે પદ છોડી દીધું હતું.

૨૦૦૮ના મુંબઈ આતંકી હુમલા પછી દેશના ગૃહમંત્રી શિવરાજ પાટીલ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખે નૈતિકતાના ધોરણે રાજીનામા આપી દીધા હતા.

એ નેતાઓ સમજતા હતા કે લોકશાહીમાં ‘હોદ્દો’ એ કોઈ કાયમી બાપેતી નથી, પણ જનતાના વિસનું ટ્રસ્ટ છે ! આજે એ નૈતિકતાનું સરવૈયું (Balance Sheet) સાવ શૂન્ય થઈ ગયું છે. આજકાલના રાજકારણમાં ગમે તેટલી મોટી ધાંધલ–ધમાલ થાય, ગમે તેટલા યુવાનોનું ભવિષ્ય રોળાઈ જાય, તોય મંત્રીઓ કોઈ પણ જાતની શરમ વગર હોદ્દાને વળગી રહે છે.




**વિદ્યાર્થીઓનો આક્રોશ અને જાગતું મન**

આપણા વડીલો કહેતા કે, ‘‘જે રાજમાં યુવાનો અને વિદ્યાર્થીઓને પોતાના હક માટે રસ્તા પર રઝળવું પડે, એ રાજનું ઓડિટ ક્યારેય સચોટ ન નીકળે !’’ આજે શિક્ષણ ક્ષેત્રે જે ગડબડો ચાલી રહી છે, એનાથી દેશના કરોડો પરિવારના સપનાઓ ભાંગીને ભુકકો થઈ રહ્યા છે. મોંઘા કલાસીસ, રાત–દિવસની મહેનત અને મા–બાપના પરસેવાની કમાણી દાવ પર લગાવીને પરીક્ષા આપતો યુવાન જયારે પેપર લીક કે ગડબડના સમાચાર સાંભળે છે, ત્યારે એની હિંમત ભાંગી જાય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે યુવાનો જ આ દેશની અસલી તાકાત (Strtngth) છે. જો એ તાકાતને જ કમજોર કરી દેવામાં આવશે, તો દેશ કેવી રીતે આગળ વધશે ?

સરકારમાં બેઠેલા જવાબદાર લોકો જો સમયસર રાજીનામું આપીને દાખલો બેસાડવાની હિંમત ન બતાવે, તો એ લોકશાહીની સૌથી મોટી ગરીબાઈ છે. આ ઉપરાંત ફરીથી કોઈ અસામાજિક તત્વો પેપર લીક ની હિંમત ના કરી શકે એવી કાર્યવાહી યોગી આદિત્યનાથ સરકારની જેમ કરવામાં આવે તો યુવાનો ઉપર ખુબજ મોટો ઉપકાર થશે.

**આજના રાજકારણ માટે ૪ સીધા સવાલો :૧. નૈતિકતાનું ઓડિટ કયારે ? :** પરિણામો અને વ્યવસ્થા નિષ્ફળ જાય ત્યારે માત્ર કમિટીઓ બનાવવાથી જવાબદારીમાંથી છટકી શકાય ? મંત્રીઓની અસલી જવાબદારી કયારે નક્કી થશે ?

**૨. યુવાનોની મહેનતનું કેપિટલ :** લાખો વિદ્યાર્થીઓના કીમતી વર્ષો અને મનની શાંતિ રઝળી પડે, એનો હિસાબ કોણ આપશે ?

**૩. ખુરશી મોટી કે દેશનો યુવાન ? :** ભૂતકાળના મહાન નેતાઓની જેમ આજે કેમ કોઈ પોતાનાપદનો ત્યાગ કરીને દેશની જનતાની માફી માંગવાની હિંમત નથી દાખવતું ?

**૪. જાગૃત નાગરિકની ફરજ :** જે પ્રજા પોતાના અધિકારો અને યુવાનોના ભવિષ્ય માટે અવાજ નથી ઉઠાવતી, એનું મન કાયમ માટે ગુલામ બની જાય છે.

જિંદગી અને રાજકારણ બહુ લાંબા છે, પણ ખરી કસોટી એ જ ગણાશે કે તમે સત્તાના પાવરમાં આંધળા બનીને જીવો છો કે ઈમાનદારી અને નૈતિકતાના સાચા રસ્તે ઊભા રહો છો.

**છેલ્લે, વિદ્યાર્થીઓના આક્રોશ અને નૈતિકતા પર આટલું જ :**

**‘‘ખુરશીઓ તો કાલ બદલાઈ જશે, પણ જેના દિલમાં નૈતિકતા નથી, ઈતિહાસ એને ક્યારેય માફ કરતો નથી !’’**

આ રવિવારે, દિલ્હીના રસ્તા પરથી સંભળાતા આ યુવાનોના અવાજને સમજીને, આપણી આસપાસના યુવાનોની પડખે ઊભા રહેવાનો નિશ્ચય કરજો !

# ॥ રામ સકલ નામન તે અધિકા, હોઉ નાથ અઘ સ્વગગણ બધિકા ॥

(૬) વિતરણ સમય પ્રાતઃ ૮ સે ૧૨ બજે તક શામકો ૩ સે ૬ બજે તક.

રોજ રાત્રે ભાઈઓ ચોખા વેચીને આવી તેના પૈસાની પેટી ભગવાનને સોંપી દેતા. પ્રમોદ પણ આ કાર્ય માટે જતો. હિસાબ કરવાનું કામ મોટાભાગે રાત્રે એક બે વાગે ચાલતું. ભગવાન બિરાજતા હોય ત્યાં સુધી કોઈ સૂવા જાય નહીં તેથી દસ વાગતા સૂઈ જતા. લાઈટ વિગેરે બંધ થતા બધા જતા રહે. પછી રાત્રે એક, બે વાગે અમને બે ત્રણ બહેનોને જગાડી આ પૈસા ગણવાનું કામ કરાવતા. નોટ, પરચુરણ, વ્યવસ્થિત રીતે જુદુ કરાવી, ગણતરી કરીને અલગ અલગ બાંધવા કહેતા. નાની નાની દરેક બાબતમાં ખૂબ જ વ્યવસ્થિત અને ચેકક્કસ રહેતા.

ગરીબોને જે કંઈ નવા જૂના કપડાં વહેંચતા તેમાં પણ પુરૂષોના, સ્ત્રીઓના, બાળકોના, નાના, મોટા જુદા કરાવરાવી વ્યવસ્થિત રીતે આપતા. હવે તો રાહત કાર્યની પૂર્ણાહુતિનો દિવસ આવ્યો. ભગવાન સવારે આઠ દિવસ માટે બહારગામ પધાર્યા અને સૂચના આપી ગયા કે "આજ શામ તક સબ લોગ રેલા ચલે જાના. અબ યહાંસે દિશાબંધન ઉઠ જાતા હૈ જિસસે ઉત્પાત હો સકતા હૈ." સાંજ સુધીમાં અમે લોકો બધા છેલ્લે ટ્રકમાં બેસીને રેલા પહોંચી ગયા. છેલ્લે સિલાઈ મશીન પડયા હતા. તેના વિશે કહેલું, "જો લડકિયાં સીખ ગઈ હો ઉનકો ભેટ દે દો."

પહેલાં તો ત્યાંની બાલિકાઓ આળસથી શીખવા માટે આવતી નહીં તેથી જાહેર કરેલું કે મહિનામાં પૂરા દિવસ જેની હાજરી હશે તેને એક સાડી ભેટ આપવામાં આવશે તેથી સિવણ વર્ગમાં સારી એવી સંખ્યા રહેતી.

રેલામાં કુલ બધા મળી લગભગ વીસેક ભાઈઓ અને પાંચ સાત બહેનો હતા. બાકી સર્વેને ભગવાને વિદાય આપી દીધી હતી તેમાંથી ઘણાં ચિત્રકૂટ પહોંચી ગયેલા કારણ અઠવાડિયામાં અમે બધા ભગવાન સાથે ચિત્રકૂટ જવાના હતા. દિવાળી અન્નકૂટ અને ચતુર્થીને ઉત્સવ ત્યાં જ મનાવવાનો હતો. અમે બહેનો તો અમારી રસોઈ જાતે બનાવતા પરંતુ આટલા ભાઈઓ વચ્ચે એક જ રસોઈયો હોવાથી રસોડામાં મદદ માટે જતા. આઠ દિવસે ભગવાનને તાર આવ્યો, "કલ સુબહ પાંચ બજે આ રહા હું." ભાઈઓ હસતા હસતા કહેવા લાગ્યા, અહીંથી ચિત્રકૂટ જતા તમને બધા તપસ્વીઓને જરૂર નહીં પડે પણ અમારા માટે તો

રામ જબહિં પ્રેરઉ નિજ માયા, મોહેહુ મોહિં સુનહુ રઘુરાયા।

કંઈક નાસ્તો બનાવી લો. વાત ખરી લાગી. પાંચ છ ગાડી જવાની હતી અને અમને પણ ફુરસદ હોવાથી સવારે બે ડબ્બા તીખા ગાંઠિયા બનાવ્યા. સાંજે સકકરપારા બનાવતા હતા. તે વખતે હું તળતી હતી. પ્રાયમસના પ્રમાણમાં કડાઈ ઘણી મોટી હતી. ઘીમાં સકક્કરપારા તળાતા હતા. ઝારો મૂકવામાં ધ્યાન ન રહેતા, કડાઈનું સમતોલન ઠીક ન રહેતા કડાઈ સીધી મારા

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)**

પગ પર પડી. બેઉ પગ કાંડા સુધી ઘીથી તરબોળ થઈ ગયા. ગોઠણ સુધી ઘીના છાંટા ઉડેલા પરંતુ ક્યાંય નામ માત્ર પણ બળતરા ન હતી. જાણે કાંઈ થયું જ ! નથી. બધા ગભરાઈ ગયા અને પૂછવા લાગ્યા, તમને કંઈ જ નથી થતુ? પરંતુ જો કંઈ પણ થતું હોય તો છૂપાવી શકાય તેવું ન હતું. દેખાવમાં પગ લાલ લાલ દેખાતા હતા. પરાણે રૂમ પર મોકલી બરનેલ મંગાવી લગાડી દીધો. બધાએ પાણી ન લાગવા દેવા સૂચના આપી.

ગોપદ સિંધુ અનલ શિતલાઈ....

વહેલી સૂવાથી ત્રણ વાગે જાગી ગઈ. બધા સૂતા હૈવાથી ન્હાવા




સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૦૩૫૨ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)


જતી રહી. નિવાસ સ્થાન પર કૂવો હોવાથી દસ મિનિટના રસ્તે આવેલ ગોદામે નળ તથા બાથરૂમની સગવડ હોવાથી ત્યાં સ્નાન માટે ગઈ. ઘી તેમજ બરનોલની બધી ચિકાસ સાબુથી ઘસીને ધોઈ નાખી. આ બાજુ ચાર વાગે બધા જાગ્યા અને હું ન મળવાથી બે ભાઈઓ પાછા ફરતા મને સામા મળ્યા અને વઢવાની રીતે કહેવા લાગ્યા કંઈ વિચાર છે ? અડધી રાત્રે તમે આટલા દૂર નહાવા ગયા ? અહીં કેટલા શરાબીઓ ફરતા હોય છે તે કોઈ મળી જાય તો ? પરંતુ ઘણાં વર્ષોથી હું એકલી નથી તે પ્રતીતિથી આવા ભય વિશેનો વિચાર પણ આવત નહીં અને તે દિવસે કોઈ મળેલું પણ નહીં તેથી તે ભાઈઓને મેં હસતાં હસતાં એટલું જ કહ્યું કે, "ભાઈ, હજી સુધી તમારા સિવાય તો કોઈ મળ્યું નથી." જો કે આ બાબત આજે પણ પ્રભુના સહારે તેટલી જ નિર્ભયતાથી ફરી શકું છું.

જા કો રાખે સાંઈયા માર સકે કો કૌન ?

અન્ય કોઈ મારા વિશે જેમ માનતા હોય તેમ ભલે માને. હવે તો તેની પરવા પણ નથી.

નિવાસસ્થાન પર પહોંચતા એક પછી એક બધા કુતુહલતાથી

રામ રામ હા રામ પુકારી, હસ દિશિ દેખી દીન્હ પટ ડારી।

જોવા અને પૂછવા લાગ્યા, "પાણી તો નથી લગાવ્યું ? ફફોલા તો નથી પડયા ?" પરંતુ ન ફફોલા કે ન ચામડીની લાલાશ ત્યારે ખ્યાલ આવ્યો કે થોડા દિવસો પહેલાં ભગવાને આ કારણે જાણ કરીને હાથમાં ખીર આપી દઝાડી હશે. આમ શૂળીનો ઘા સોયથી ભોગવાવી દેતા અને જાણે કે જયપુરથી હું પાછી આવવાની ન હતી છતાં આટલા માટે જ પોતાની સાથે પાછા બિહાર લઈ આવેલા ?

સકલ અમાનુષ કર્મ તુમ્હારે....

(૮૦) જાનતિ કૃપાસિંધુ પ્રભુતાઈ

ભગવાન પાછા રેલા પધાર્યા. ત્યાંથી બધા ભગવાન સાથે ચિત્રકૂટ પહોંચ્યા. ખૂબ ધામધૂમથી દિવાળી, ચતુર્થીનો ઉત્સવ ત્યાં મનાવી છૂટા પડયા. ચોથના ઉત્સવ પર આવેલા મહેમાનોમાં બે–ત્રણ કોંગ્રેસના ભાઈઓ હતા તેમને અનુલક્ષીને ભગવાને કહ્યું, "કયા કોંગ્રેસ ઔર કયા દેશ સેવા ? અબ તો ખાલી નામ રહ ગયા હૈ. દેશ સેવા કે લિયે કિતના ત્યાગ ઔર બલિદાન ચાહિયે ઉસકે લિયે દેખ લે હમારે હરિયાનીકો. અભી તો કોઈ ખાલ મસ્ત, કોઈ માલ મસ્ત તો કોઈ ખ્યાલ મસ્ત હૈ .

ભગવાન સાથે હું મથુરા ગઈ. ત્યાં રાહતકાર્ય ચાલુ કરેલું. કપડાં, કમ્બલ, અનાજ વિગેરે વિતરણ માટે ભાઈઓ મથુરાની આજુબાજુના પૂરગ્રસ્ત વિસ્તારમાં જતા હતા. થોડા દિવસ ભગવાન મથુરા રોકાયા. ત્યારબાદ આજ્ઞા થતા હું જયપુર ગઈ. થોડા દિવસો બાદ ભગવાનનો પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ ૧૧–૧૨–૬૭ પ્રિય રમા સાદર આસીસ

તુમ પઢકર નારાજ તો હોગી પત્ર દેરીસે લિખ રહા હૂં રમા સ્વાસ્થ જૈસા તુમ છોડકર ગયી હો વૈસા હી હૈ. બીચમેં બમ્બઈ હૈ આયા થા.

રામ ચરણ દઢ પ્રીતિ કરિ, બાલી કીન્હ તનુ સ્યાગ।

અચ્છા સુનો રમા દેવી તુમહાર બોલી રોજ પ્રાતઃ છઃ બજે સુનતા હું રોજ હો રોજ તુમ્હારા ટેપરિકાર્ડ નિત્ય સુનતા હૂં ઔર ખૂબ યાદ આતી હૈ.

રમા સુનો મેરે સાથે કુમુદ હૈ ઔર ખૂબ સેવા કરતી હૈ તુમ મેરી ચિંતા ન કરના. હરિયાણકે તથા સબકેં આસીસ કહના.

રણછોડદાસકા આસીસ

થોડા દિવસમાં ફરી પત્ર આવ્યો. શ્રી રામચંદ્રાય નમ : ગુજરી ૧૭–૧૨–૬૭ પ્રિય રમા સાદર આસીસ

મેરા સ્વાસ્થ વૈસા હી હૈ જૈસા તુમને દેખા થા કુછ ભી સુધારા નહીં હૈં મૈં યહાંસે ૨૨ કે ચલે જાનેવાલા હું એર કેઈ સ્થાન નક્કી નહીં હૈ મેં જયપુર આનેકા સોચ રહા હું કુમુદ મેરે સાથ હૈ આરામ લેતા હૂં પર રોજ રાતકો સાત સાડેસાત બજે ઉલ્ટી અવશ્ય હો જાતી હૈ યહ ક્રમ આઠ દિનસે ચાલુ હુઆ હૈ યહ ભી જીવનકા સંઘર્ષ અંગ બન ગયા હૈ રમા તુમ્હારી યાદ બહુત આતી હૈ પર રોજ પ્રાતઃ છ બજે તુમ્હારી આવાજ સુનતા હું રોજ હૈ રોજ સબકે આસીસ કહના.

રણછોડદાસકા આસીસ

એડ્રેસ ન હોવાથી જવાબ લખવાનો રહેતો નહીં. તબિયતના ખબર આવતા તે વિષે ચિંતા રહેતી પરંતુ પ્રભુ પ્રાર્થના સિવાય મારી પાસે કોઈ ઉપાય હતો નહીં. બસ નિત્યપત્રની પ્રતિક્ષામાં દિવસે પસાર થતા. થોડા દિવસોમાં ધારવાડના બંકાપુર ગામથી પત્ર આવ્યો.

પ્રિય રમા સાદર આશીરવાદ આજ મેં યહાં પહુંચા હું સ્વાસ્થ વૈસા હી હૈ આરામ લેતા હૂં ચિન્તા નહીં કરના તેરી આવાજ રોજ સુબહ મેં સુનતા હું રમા રોજ તુજે યાદ કરતા હું. રણછોડદાસ

ભગવાનના પત્ર વાંચતા થતું કે ભગવાન તમે તે ટેપરેકર્ડરથી તો શું આમ પણ રોજ મારો અવાજ સાંભળી શકો છો પરંતુ હું તો

# *॥ દિનચર્યા નિશાચર્યા ઋતુચર્યાયથોદિતામ ॥ આચરન પુરૂષ : સ્વસ્થ : સદા તિષ્ઠતિ નાન્યથા ॥*


સ્વસ્થ દિનચર્યા–૧


અર્થાત, દિનચર્યા, રાત્રિચર્યા અને ઋતુચર્યામાં કહ્યા પ્રમાણે આચરણ કરનાર વ્યક્તિ હંમેશા સ્વસ્થ રહી શકે છે. તે પ્રમાણે આચરણ ન કરનાર વ્યક્તિ કદાપિ સ્વસ્થ રહી શક્તી નથી. મીત્રો હુ એક આયુર્વેદ ચીકીત્સક છુ, મારી પાસે સારવાર લેવા આવતા લોકોની સ્વસ્થ રહેવા માટે જુદા – જુદા પ્રસ્નો હોય છે જેમ કે ખોરાક બાબતે (કયારે ખાવુ, કેટલુ ખાવુ, વિરૂધ્ધ આહાર એટલે શુ, કયુ તેલ ખાવુ, ઘી ખાવુ કે નહી ? પાણી કયારે પીવુ, કેટલુ પીવુ, જમ્યા પછી પાણી પીવુ કે નહી ) નીદ્રા બાબતે (રોજ કેટલુ સુવુ, બપોરે સુવુ કે નહી ) અને કસરત બાબતે (કઈ કસરત સારી, કેટલી કરવી કયારે કરવી ) લોકોના સ્વાસ્થ્ય સબંધી આવા પ્રશ્નોને લઈ મારા આયુર્વેદ ચીકીત્સક તરીકેના ૩૧ વર્ષના મારા અનુભવ, આયુર્વેદ શાસ્ત્રોમા કહેલી વાતો, આધુનીક ચીકીત્સા શાસ્ત્રનો આધાર લઈ આજના સમયમા આપણી દીનચર્યા કેવી હોવી જોઈએ જેથી આપણે સ્વસ્થ રહી શકીએ જેની ચર્ચા આપણે સ્વસ્થ દીનચર્યા અંતર્ગત કરવાના છીએ.

**બ્રાહ્મે મુહુર્તે ઉતિષ્ઠેસ્વસ્થો રક્ષાર્થમાયુષ : ॥** સ્વસ્થ માણસે આયુની રક્ષા માટે બ્રાહ્મ મુહુર્તમાં ઉઠવું જોઈએ. બ્રાહ્મ મુહુર્ત એટલે પાછલી ચાર ઘડી રાત બાકી હોય ત્યારે એટલે કે સુર્યોદય થયા પહેલા ૯૬ મિનિટએ બ્રાહ્મ મુહુર્ત કહેવાય છે. આજની નવી પેઢીની જાણકારી માટે, એક પ્રહર એટલે ત્રણ કલાક, રાત્રીના પાછલા – અંતિમ પ્રહરને કેટલાક બ્રાહ્મમુહુર્ત કહે છે. બ્રહમનું ચિંતન અને વેદનું અધ્યયન કરવા માટેનો ઉપયુક્ત કાળ બ્રાહ્મમુહુર્ત ગણાય છે. બે ઘડીનું એક મુહુર્ત થાય છે અને એક ઘડીની ૨૪ મિનિટ થાય છે. આમ રાત્રીનાં અંતિમ બે મુહુર્ત (છેલ્લી ચાર ઘડી ૯૬ મિનિટ) વાળા બ્રાહ્મમુહુર્તમાં નિરોગી માણસે નિદ્રાનો ત્યાગ કરી જાગી જવુ કે પથારી છોડી દેવી જોઈએ. આ નિયમ સ્વસ્થ વ્યક્તી માટે જ છે, રોગી વ્યક્તીએ ધાતુસામ્ય માટે સુઈ રહેવું જોઈએ.. જો બ્રાહ્મમુહુર્તમાં ઉઠીશુ તો કસરત, માલીશ (અભ્યંગ) માટે પુરતો સમય રહેશે. બ્રાહ્મમુહુર્તમાં વાતાવરણમાં ઓકસીજનનું પ્રમાણ વધું હોય છે, વાતાવરણમાં તાજગી અને ઉર્જા હોય છે આવા સમયે જો પ્રાણાયામ, એરોબીકસ, યોગાસન જેવી કસરત કરવામા આવે તો વિશેષ ફાયદો થાય છે. સવારનું શાંત વાતાવરણ જ એવું હોય છે કે તે વખતે મનુષ્ય માત્રને ચિંતવન કરવાનું મન થઈ આવે છે, આ અરસામાં વિધ્યાર્થીઓ સ્વાધ્યાય કરે તો તેની ગ્રહણશક્તિ વધે છે. સવારે વહેલા ઉઠવાથી તમને રૂટીન કામો પતાવવા માટે પુરતો સમય મળેછે અને આખો દિવસ ઉત્સાહમાં જાય છે. જયારે મોડા ઉઠવાથી મોડે સુધી સુસ્તી અને ઉંઘ ઉડતી નથી પરીણામે રોજના કામો સમયસર થતા નથી જેને લીધે વધુ પડતો તનાવ અનુભવાય છે પરીણામે ડીપ્રેશન જેવા માનસીક રોગોના ભોગ બનીએ છીએ. કોઈપણ કામમાં જયારે મોડુ થાય છે ત્યારે આપણે તાણ અનુભવીએ છીએ અને જેને લીધે મન અસ્થીર થાય છે આવ અસ્થીર મને કરેલુ કામ યોગ્ય રીતે થતુ નથી, જેમ કે બહેનોને સવારે જો મોડુ થાય તો આખા દિવસનુ કામ વ્યવસ્થીત થતુ નથી પરીણામે ખુબજ તાણ અનુભવાય છે આવુ જ નોકરી – ધંધા ઉપર જતી વ્યક્તી માટે પણ બને છે આમ સમયના આયોજનના અભાવે આપણને ઉદ્વેગ, દોડાદોડ, ભય, વ્યાકુળતા, ચિંતા, શોક, ક્રોધ વગેરે માનસિક આવેગો આવે છે જેની પ્રાણની ગતી ઉપર બહુ પ્રબળ અસર થાય છે અને જે માણસના મનમાં આ આવેગો વારંવાર આઘાતો પહોચાડતા હોય છે તના શરીરની પ્રાણ વ્યવસ્થા વિષમ બની જાય છે. અને એની અસર એના જ્ઞાનતંતુઓ, રૂધિરાભીસરણ, રક્તવાહિનીઓ, હૃદયતંત્ર, જ્ઞાનેનેદ્રિયો તેમજ સમસ્ત




ડો. ભાવેશ કે. મહેતા
મો.૯૪૨૬૨ ૮૪૯૦૮ / ૮૪૯૯૦૯૯૯૮૦૭ e-mail:drbkmehtarmo@gmail.com





શરી – મન ઉપર હાનિકારક થાય છે. એનું આહત પાચનતંત્ર પણ બગડી જાય છે અને નિદ્રા, જાગ્રુતિ, સ્વપ્ની એની ક્રિયાઓ પણ અસ્ત્વ્યસ્ત થઈ જાય છે. એક સર્વે મુજબ સવારે વહેલી તકે ઉઠી જવાથી ડિપ્રેશનનો ખતરો ઓછો રહે છે, જે લોકો સવારે વહેલી તકે ઉઠી જવાની ટેવ ધરાવે છે તેમના માં અનેક બિમારીનો ખતરો તો પહેલાથી જ ઘટી જાય છે. તેમની માનસીક સ્થિતી પણ સારી રહે છે. વહેલી તકે ઉઠી જતા લોકોમાં સિજાફ્રેનીયા અને ડિપ્રેશન જેવી માનસિક બિમારીનો ખતરો ખુબ ઓછો રહે છે. સવારમા વહેલી તકે ઉઠવાથી ડાયાબિટીસ અને સ્થુળતાનો ખતરો ખુબ ઓછો રહે છે.

સવારે નિયમીત વહેલા ઉઠવાની ટેવથી દરેક કામ સમયસર, વ્યવસ્થીત અને ચોકસાઈપુર્વક કરવાની ટેવ પડી જાય છે જેને લીધે નાનામાં નાનુ કામ ગુણવતા યુક્ત થાય છે, કામ કરવાનો થાક નથી લાગતો પરીણામે દરેક ક્ષણને તમે ઉત્સાહ અને ઉર્જા સાથે જીવી શકો છો.

**ઉષ : પાન :** વહેલા ઉઠી પાણી વડે મોં સાફ કરી, જેટલું પિવાય તેટલું પાણી પીવુ આરોગ્યપ્રદ છે. સુતી વખતે અને સુઈ ઉઠયા બાદ એક લોટો (૪૦૦ એમ.એલ.) પાણી પીવાથી કબજીયાત, પાચનશક્તિ, પેશાબની છુટ આ બધા માટે સારૂ છે. પાણીથી આંતરડામાં રહેલો મળ આગળ ધકેલાય છે. આપણો વિસ્તાર ક્ષાર વાળો અને ઉષ્ણકટીબંધ હોવાથી ખાસકરીને પથરી અને કબજીયાત થવાની શકયતા વધુ રહે છે પથરી ના દર્દી માટે પણ ઉષ:પાન ખુબ ફાયદાકારક રહે છે, જે લોકોને કબજીયાત રહેતી હોય તેના માટે એક અનુભુત પ્રયોગ સુચવુ છુ, સવારે વહેલા ઉઠી ખાલી પેટે ૨ ગ્લાસ (૪૦૦ એમ.એલ.) નવશેકુ પાણી પી ત્યારબાદ બંને હાથ ઉપર કરી આખા શરીરને પગના પંજા ઉપર (તાડાસન) કરી જો ૧૦૦ ડગલા ચાલવામાં આવે તો કબજીયાતથી છુટકારો મળશે, કારણ ગરમ પાણી





પીવાથી મળ આગળ ધકેલાશે અને પગના પંજા ઉપર આખા શરીરને ખેચવાથી આંતરડામાં ચોટેલ મળને નીચેની બાજુ કાઢવામાં મદદ થશે.

આયુર્વેદ હોસ્પીટલમાં મારી પાસે સારવાર લેવા આવતા ભાગ્યેજ એવાં કોઈ દર્દી હશે જે કબજીયાતની ફરીયાદ નહી કરતા હોય, કબજીયાત એટલે શુ ? ઝાડો સાફ આવવો કોને કહેવો ? આ વિશે થોડી ચર્ચા કરીએ.

આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાંથી તમામ કસ (શરીરને ઉપયોગી પદાર્થ) પાચન અવયવો ચુસી લે છે અને તદન નિઃસાર પદાર્થ ઝાડા વાટે બહાર કાઢે છે.

ઝાડામાં દુર્ગંધ ન હોવી જોઈએ. ઝાડો ખરાબ વાસ મારતો હોય તો સમજવું કે આંતરડામાં એટલો બગાડ છે. સવાર સાંજ બે વખત જેને ઝાડો થતો હોય તેની પાચન ક્રિયા સારી હોય છે, તેમના ઝાડામાં વાસ નથી હોતી. ઝાડો ખુલાસીને થતો ન હોય અને મળ મોટા આંતરડામાં ભરાઈ રહેતો હોય તોજ તે વાસી મળ બદબો મારે છે. વાસી મળ, દુર્ગંધી મળ, મોટા આંતરડામાં વધુ વાર રહે છે તો તેમાંથી ઉત્પન્ન થતા ઝેરી પદાર્થો લોહીમાં ભળે છે અને લોહી બગાડે છે. મોટા ભાગનાં રોગોનું કારણ મોટા આંતરડામાં જે મળ સંચય થાય છે તે જવાબદાર છે. મળ સંચય થાય એટલે સ્વાભાવીક ભુખ નથી લાગતી, પેટ ભારે લાગ્યા કરે છે, બગાસા આવે છે, સ્ફુર્તિ નથી લાગતી, ચેન પડતું નથી, કબજીયાત કેટલેક અંશે માનસિક વ્યગ્રતા ઉપર નિર્ભર છે. આહા–વિહાર અને માનસિક પરિસ્થિતિ આ ત્રણ ઉપર કબજીયાતનો આધાર છે. જેનો આહાર સ્વાસ્થ્યકર હશે, જેનો વિહાર પણ આરોગ્યના નિયમોને વશવર્તી હશે અને જેને માનસિક વ્યગ્રતા નહી હોય તેને બે વખત ઝાડો બરાબર સાફ આવતો હોવો જ જોઈએ.

ઝાડો સાફ કોને કહેવો ? – આ પ્રશ્ન ઘણાના મનમાં ઉઠે છે. તંદુરસ્ત મનુષ્યનો ઝાડો ગાય, બળદ, ભેંસ જેવો ઝાડો કરે છે તેવો એટલે કે, ગુદા ખરડાયા વિનાનો હોવો જોઈએ. તેમા દુર્ગંધ ન હોવી જોઈએ, બહુ કાળા રંગનો ઝાડો વાસી ઝાડાનું સુચન છે, બહુ પીળા રંગનો ઝાડો અયોગ્ય પાચનક્રીયાનું સુચન છે. ઝાડો બહુ બંધાયેલો નહી કે બહુ ઢીલો પણ નહી એવો હોવો જોઈએ.એનો રંગ સાધારણ રીતે સહેજ પીળાશ લેતો ભુખરો હોવો જોઈએ. બહુ ચીકાશ હોય તો આંતરડાની ખામી સમજવી.

આજકાલ આપણે મળ ત્યાગ માટે વેસ્ટર્ન ટોઈલેટ (ઉભુ સંડાશ) નો ઉપયોગ કરવા લાગ્યા છીએ, મોટી ઉમરના લોકોકે જેને પગના સાંધાની તકલીફ છે, તેના માટે વેસ્ટર્ન ટોઈલેટ ઉપયોગી છે, પણ સામાન્ય વ્યક્તિ માટે આપણું ઈન્ડીયન ટોઈલેટ યોગ્ય છે કારણ મળ ત્યાગ માટે જો ઉભડક (ઉત્કટાસન – SQUATTING POSITION) બેસવામાં આવે તો મળમાર્ગની કોથળી એટલે કે RECTUM ની ફરતી બાજુ રહેલા સ્નાયુઓ ( PUBORECTALIS MUSCLE) એકદમ ઢીલા (RELAX) થાય છે જેથી મળાશયમાંથી એકદમ સહેલાયથી મળ બહાર આવી શકે છે.

તમને પગ કે સાંધાની તકલીફ હોય અથવા ઈન્ડીયન ટોયલેટ ન હોય તો ઉપરોક્ત ફોટામાં દર્શાવ્યા પ્રમાણે તમે ઉભા સંડાશમાં બેસો ત્યારે સામે એક ટેબલ મુકી દો જેના ઉપર પગ રાખવાથી તમારી ઉભડક બેઠા હોય તેવું થઈ જશે, જેના કારણે મળ પ્રવૃતિ સહેલાઈથી થઈ જશે.

**મર્મબીંદુ :**– પ્રાત : કાળે વહેલો ઉઠનાર, નિયમિત શ્રમ કરનાર, પ્રામાણિકતાથી રહેનાર એવો કોઈ માનવી મેં નથી જોયો કે જે દુર્ભાગ્યની ફરિયાદ કરતો હોય.

# 'સમજણ એ જ નારાયણ'

## ''પ્યાસ સાચી હોય, તો મૃગજળને શરમાવું પડે, હોય જો પીનાર તો ખુદ ઝાંઝવાં છલકાય છે''

– ''સૈફ'' પાલનપુરી

તાજેતરમાં પાલીતાણા વિસ્તારનાં ગરજીયા ગામે એક સિંહણ ગામની વચ્ચે અને ધોળા દિવસે એક માલધારી ઉપર હુમલો કરી તેને પછાડી દે છે, ખૂબીની અને ખુમારીની વાત તો એ છે કે અડધો કલાક જેટલો લાંબો સમય આ સિંહણને માલધારીને અનેક લોકોનાં ટોળા, શોર–બકોર, દેકારો અને કાંકરીચાળાની વચ્ચે જકડી રાખે છે, પણ અહિંયા જે આશ્ચર્યની દ્રઢ મનોબળની, કઠણ કાળજાની અખૂટ હિંમત અને અપાર શ્રધ્ધાની વાત એ છે કે મોતના મૂખમાં ફસાયેલો એ માલધારી યુવાન, જંગલના આ સૌથી તાકાતવાન પ્રાણીને, પાળેલા પશુની જેમ પંપાળતો રહે છે, ટી.વી. કે મોબાઈલમાં આ દશ્યો જોવા અલગ વાત છે, અને આ સ્થિતિમાં હોવું, ટકી રહેવું, અને સાંગોપાંગ નીકળવું એ સાવ અલગ જ વાત છે ! જો એ દશ્યો જોવા માત્રથી માણસનું કાળજુ કંપી જતુ હોય તો એ સ્થિતિમાં ફસાયેલા માણસની શું હાલત હશે ? એ શબ્દોથી કયારેય ન સમજાવી શકાય ! દુ:ખની, વેદનાની, સંકટોની એક–એક ક્ષણ ઘણી લાંબી હોય છે, એક મિનિટ બોલાવી સહેલી છે, આવા વખતે પસાર કરવી ઘણી કપરી હોય છે, પ્રત્યેક ક્ષણ જીવન અને મોત વચ્ચેનો જંગ અને એ પણ અડધી કલાક સુધી ચાલે છે ! કઈ ક્ષણ જીવન ઉપર મોત ભારે પડે, કયારે આ હિંસક પ્રાણી પોતાનો મગજ ગુમાવીને એ માણસને સૌની નજર સામે જ મોતના મૂખમાં ઢાળી દે કશું કહેવાય નહીં છતાં છેલ્લે ખુમારી ખાનદાની અને ખેલદીલીનો વિજય થાય છે. સિંહણએ માલધારીને હેમખેમ જ મૂકીને નીકળી જાય છે, અને કરૂણાભાવ જીતી જાય છે ! બન્ને




યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


સમર્થ સાબીત થાય છે !

ભલે અહિંયા વાત એક માલધારીની જીવનની તીવ્ર જિજીવિષાની છે, છતાં જીવનના કોઈપણ પડવા ઉપર માણસ પોતાની સંપૂર્ણ શ્રધ્ધા અપાર મહેનત, અખૂટ સમર્પણનો ત્રિવેણી સંગમ રચીને કોઈ કાર્ય કરે છે, જાતને પણ ભૂલીને સમર્પણ કરે છે, ત્યારે કુદરત પોતે તેના માટે સઘળી અનુકૂળતા કરી આપવા તત્પર રહે છે ! અને એનાં માટે હકારાત્મક હોવુ એ સૌથી પાયાની શરત છે, શુભચ સંકલ્પ તેને યોગ્ય અથાક પરિશ્રમ અતૂટ શ્રધ્ધા ઈશ્વરકૃપાનો સ્વસ્તિક રચાય ત્યારે જ સકસેસ (સફળ) થવાતુ હોય છે, અને આ સઘળા પરિબળો તેમના માટે જ રચાય છે, જેમની પોતાના ગોલ બાબતે સંપૂર્ણ અખંડ શ્રધ્ધા તૈયારી તત્પરતા અને તાલાવેલી હોય !

**નવનીત :**

**''શ્રધ્ધાને કયાં નડે છે 'જટિલ' કોઈ પણ નિયમ ?**
**પાંખો વિનાય ઊડી શકાયું હો, શકય છે !'' – 'જટિલ' વ્યાસ**

# અભિનંદન...

અમારા અમરેલી એક્સપ્રેસ અખબારના કોલમિસ્ટ યોગેશ ભટ્ટ વર્ષ ૨૦૧૩ થી આ અખબારમાં દર રવિવારે ''સમજણ એ જ નારાયણ'' નામથી સાપ્તાહિક કોલમ લખે છે, આજે તેમનો સળંગ છસ્સોમોં આર્ટીકલ પ્રસિદ્ધ થઈ રહ્યો છે, આ ઉપરાંત તેઓ અમરેલીના સમર્થ કવિ રમેશ પારેખ ઉપર સળંગ ૧૪ આર્ટીકલ છલખી ચૂકયા છે, ત્યારે અખબાર વતી અને તંત્રી તરીકે તેમને અભિનંદન પાઠવતા હર્ષની લાગણી અનુભવીએ છીએ. અમારા અમરેલીના આસ્થાના આધારસ્થંભ સમાન નાગનાથ મહાદેવ મંદિર અને રામજી મંદિરે તેમની છેલ્લા બાવીસ વર્ષથી નિયમિત સુવિચાર લેખનની પ્રવૃત્તિ પણ ખૂબ જ સરાહનીય રહી છે, આ આર્ટીકલો, સુવિચારો ડિજિટલ માધ્યમથી દેશ–વિદેશમાં ફરે છે. થોડા વર્ષો પહેલા એક સાથે સાત અખબારોએ આ સદકાર્યની નોંધ લીધેલ છે, ત્યારે લાંબા સમયથી સાહિત્યના માપ્રયમથી સદવિચારો ફેલાવતી આ વૈચારિક સમાજ સેવાની પ્રવૃત્તિઓ હકરતા રહેવા બદલ યોગેશ ભટ્ટને ખૂબ ખૂબ અભિનંદન, શુભકામના.. જય નાગનાથ મહાદેવ.


**–તંત્રી અમરેલી એકસપ્રેસ**

# મન જીતો... મેદાન જીતોઃ કિસ્મતના ભરોસે બેસવાનું છોડો, મહેનત એવી કરો કે મુશ્કેલીઓ પણ ઘૂંટણિયે પડી જાય

જિંદગીની આ દોડમાં આપણે મોટેભાગે બહારની પરિસ્થિતિઓને જીતવા મથીએ છીએ, પરંતુ વાસ્તવિક વિજય તો નિજ મનને જીતવાથી જ શરૂ થાય છે. આપણી આસપાસ ઉગતી પ્રત્યેક સવાર જીવનની એક નવી સંભાવના લઈને આવે છે. સચ્ચાઈ એ છે કે કુદરત પણ સંઘર્ષ વિના કોઈ સુંદર સર્જન કરતી નથી; જેમ પાનખરની વેદના વેઠયા વિના વૃક્ષ પર નવાં લીલાછમ પર્ણો પ્રગટતાં નથી, તેમજ પડકારોના તાપમાં તપ્યા વિના આત્મ–વિકાસ શકય બનતો નથી.

જે વ્યકિત મુશ્કેલીઓથી ડરીને અટકી જાય છે, તે કયારેય નવી ક્ષિતિજો ખોલી શકતી નથી. સંજોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય, પણ ભીતર એવો દ્રઢ સંકલ્પ હોવો જોઈએ કે સમયની ગતિને પણ આપણી સાધના આગળ નમવું પડે. ઈતિહાસ સાક્ષી છે કે જેને જગતે અસમર્થ કે સાધારણ માનવાની ભૂલ કરી હોય, યોગ્ય સમય આવ્યે એવા જ અનામિક લોકોએ અસાધારણ કીર્તિમાન સ્થાપ્યા છે. વિજેતા બનવા માટે બાહ્ય ભલામણની નહીં, પણ આંતરિક ખુમારીની જરૂર પડે છે. શાંતિથી કરાયેલી સાતત્યપૂર્ણ મહેનતનું પરિણામ જ એક દિવસ


હાર્દિક ચંદારાણા
મો. ૭૨૧૧૧ ૫૫૫૭૩ ઈ-મેઈલ : hchanadarana@gmail.com

દુનિયામાં સન્માન અપાવે છે. શરૂઆતમાં જે એકલા ચાલવાનું સાહસ દાખવે છે, કાળક્રમે આખો સમાજ તેમની પાછળ પ્રેરણા લઈને ચાલે છે.

જીત અને હાર એ કોઈ બાહ્ય બનાવ નથી, પરંતુ આપણી માનસિકતાનો પ્રતિભાવ છે. જો મનથી પરાજય સ્વીકારી લેવાય તો હાર છે, અને જો મનોબળ અડગ રહે તો એ જ ક્ષણે વિજયનો પાયો નંખાઈ જાય છે. જયાં સુધી માનવી સ્વયંની નજરમાં નથી હારતો, ત્યાં સુધી દુનિયાની કોઈ નકારાત્મક શકિત તેને પરાસ્ત કરી શકતી નથી. સાચો સંગ્રામ બહારથી નહીં, પણ ભીતરના ભય, આળસ અને સંશય સામેનો છે. તેજસ્વી બનવા માટે પહેલાં સૂર્યની જેમ તપવાનીતૈયારી રાખવી પડે છે.

જીવનમાં મહાન પરિવર્તન કોઈ માત્ર ઈચ્છા રાખવાથી નથી આવતું, પણ એક દ્રઢ સંકલ્પથી આવે છે. ભવિષ્યનો આખો માર્ગ એકસાથે ન દેખાય તો પણ જેટલું અંતર સ્પષ્ટ હોય તેટલું આગળ વધવું જોઈએ; આગળનો રસ્તો ત્યાં પહોંચતા જ ખુલ્લો થવા લાગે છે. સીડી ચડવા માટે સક્રિય પુરૂષાર્થ જરૂરી છે. સુવિચારો માત્ર વાંચવાથી કે લખવાથી જીવન નથી બદલાતું, પણ તેને ચારિત્ર્યમાં વણી લેવાથી જ સાચી ક્રાંતિ સર્જાય છે.

જિંદગીની આ સફરમાં જે લોકો દોડમાં આગળ નથી નીકળી શકતા, તેઓ ઘણીવાર મનોબળ તોડવાનો પ્રયાસ કરતા હોય છે. આવા વિઘ્નોથી નાસીપાસ થયા વિના આગળ વધવું એ જ બુદ્ધિમાની છે. ભૂતકાળની ભૂલોનો પસ્તાવો કરવાને બદલે વર્તમાનમાં એવું ઉત્કૃષ્ટ કાર્ય કરવું જોઈએ કે આપણો ત્યાગ કરનારાઓને પણ ભવિષ્યમાં પોતાની ભૂલનો અહેસાસ થાય. સફળ માનવી પોતાના નિર્ણયોથી દુનિયાને નવી દિશા આપે છે, જયારે નબળો માનવી લોકોના ડરથી પોતાના નિર્ણયો જ બદલી નાખે છે. નિર્ણય હવે આપણે કરવાનો છે.

# ધારી : 'સંત શિરોમણી ગુરૂ રવિદાસ' વિશ્વ મહાપીઠ આયોજિત જનપ્રતિનિધિ સમાજ રત્નો અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ સંપન્ન



સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠ અમરેલી જિલ્લા દ્વારા ધારી મુકામે દામાણી હાઈસ્કૂલ ખાતે તેજસ્વી વિદ્યાર્થી અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં વિજેતા પ્રતિનિધિઓનું સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે રાજય સરકારના રાજય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું ઉદઘાટન રાજય સરકારના પુર્વ કેબિનેટ મંત્રી આત્મારામ પરમાર, અતિથિ વિશેષ તરીકે જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા, પ્રદેશ ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠના પ્રદેશ પ્રમુખ વિક્રમભાઈ ચૌહાણ, પ્રદેશ ભાજપના પ્રવકતા શૈલેષભાઈ પરમાર, આ કાર્યક્રમનું આયોજક પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ભાણજીભાઈ બગડા ગરૂજી, પ્રદેશ મંત્રી શાંતિલાલ પરમાર, જીલ્લા પ્રમુખ જીજ્ઞેશ દાફડા દ્વારા સુંદર પ્રકારે આયોજનબદ્ધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ધારી નગરપાલિકાના પ્રમુખ જયદેવભાઈ બસીયા, તાલુકા ભાજપના પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, કારોબારી ચેરમેન મનસુખભાઈ ભુવા, ઉપપ્રમુખ પરેશભાઈ પટ્ટણી, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ સાવલીયા, ધારી તા.પં.ના પ્રમુખ મહેશભાઈ સાવલીયા, પુર્વ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભુપતભાઈ વાળા, આશિર્વચન સંતદુદાબાપા, મહંત વિરેન્દ્રગીરી, જીલ્લા ભાજપના ઉપપ્રમુખની મનોજભાઈ મહીડા, પ્રદેશ સંગઠન મહામંત્રી કિશોરભાઈ પરમાર, જીલ્લા ભાજપના અ.જા.મો ના પ્રમુખ મુકેશભાઈ બગડા, ઉ.શિ.મા.સંઘ ના પ્રમુખ તુલસીભાઈ મકવાણા, ડો. કોમલબેન ખુમાણ, ડો. કેતનભાઈ પરમાર, દલિત સમાજના આગેવાન કે.કે.વાળા, અરવિંદભાઈ સીતાપરા, જિલ્લા અ.જા.શિક્ષક મંડળના રજનીભાઈ મકવાણા, જીલ્લા ભાજપના મંત્રી ક્રિષ્નાબેન મકવાણા, સમસ્ત દાફડા સેવા ટ્રસ્ટના પ્રમુખ કુણાલ દાફડા, ગીર સોમનાથથી ભક્ત કવિ સંજયભાઈ ભજગોતર, સુરેન્દ્રનગરથી અમૃતભાઈ વાણીયા, કોંગ્રેસ અ.જા. સેલના પ્રમુખ પ્રહલાદ સોલંકી, મધુભાઈ ચાવડા, વાલજીભાઈ વિંઝુડા, જીલ્લા ભા. કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડા, સહિત તમામ મહાનુભાવો ઉપસ્થિતમાં દરેક મહેમાનનું શાલ અને ખેસથી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ ભજનીક હેમંતભાઈ પરમાર દ્વારા ભજનની રમઝટ બોલાવી હતી આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થી અને વિશિષ્ટ પ્રતિભાનું સન્માન શિલ્ડ અને પ્રમાણપત્ર અને શૈક્ષણિક કીટ અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં વિજેતા પ્રતિનિધિઓનું સન્માનપત્ર આપી પ્રોત્સાહિત કરવા આવેલ આ કાર્યક્રમને સફળ બનાવવા સંગઠનના હોદ્દેદારો રણજીતભાઈ વાળા, હિતેશભાઈ પરમાર, અલ્પેશ રાઠોડ, લલીતકુમાર મારૂં, ગીતાબેન ચૌહાણ, પ્રવિણાબેન રાઠોડ, દક્ષાબેન ચૌહાણ, કનુભાઈ ચાવડા, મધુભાઈ દાફડા, રમેશભાઈ વેગડા, ધીરજ જાદવ, ભરત ભાસ્કર, મહેશભાઈ દાફડા, પંકજભાઈ વાળા, વિપુલભાઈ બગડા, ભાવેશભાઈ વાળોદરા, લાલજી ચાવડા, પ્રવિણભાઈ દાફડા, ઉમેશભાઈ વાળા, અરવિંદભાઈ રાઠોડ, હંસાબેન ચાવડા સહિત તમામ આગેવાનો ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. સ્નેહી પરમાર અને ઉમેશભાઈ ચાવડા કરેલ હતું સન્માનિત રત્નો સહુ કોઈ માટે દીવાદાંડી સમાન રહ્યા, ડો. કેતન પરમાર M.S.Orthopedic, anesthesia આપ્યા વિના Critical operation કરવાનો રેકોર્ડ છે ડો. ભાર્ગવ શાંતિલાલ પરમાર જેણે જીપીએસસી કલાસ–૧ તેમજ UPSC Super class-1માં પસંદગી પામ્યા છે, ડો. કોમલ ખુમાણ, M.S. Medicane gold medalist GPSC Class-1 પાસ કરી physician તરીકે પદભાર સંભાળેલ છે, ડો. સ્નેહી હરિભાઈ પરમાર જે ખૂબ જ ખ્યાતનામ ગજલકાર, કવિ અને સાહિત્યકાર છે જેમણે તાજેતરમાં PHD ni degree પ્રાપ્ત કરેલ છે, સરકારનાં શ્રેષ્ઠ કવિ, સાહિત્યકાર તરીકેનાં અનેક એવોર્ડ વિજેતા છે, ડો. મહેશભાઈ દાફડા જેમણે PHD ni degree પ્રાપ્ત કરી સરકારનાં શ્રેષ્ઠ સારસ્વતનાં એવોર્ડ વિજેતા છે, ઉમેશભાઈ ચાવડા કે જેઓને પણ સરકારનાં શ્રેષ્ઠ શિક્ષકનાં એવોર્ડ વિજેતા છે, જિલ્લાભરમાં સુર અને તાલનાં માલિક એવા ભજનિક હેમંતભાઈ પરમાર સહિત સમાજ રત્નોનું સન્માન એટલે સમગ્ર સમાજનું સન્માન થયું છે.

## પાના ૧ ઉપરનું ચાલું શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યુ

ભારતની યુવા પેઢીના સપનાઓને સાકાર કરવા એ આપણા બધાના રાજકીય અને સામાજિક જીવનનો નૈતિક સંકલ્પ રહ્યો છે. આદરણીય વડાપ્રધાનજીના દૂરંદેશી નેતૃત્વમાં રાષ્ટ્રની સેવા કરવાનો જે અવસર મને મળ્યો તે માટે હું વડાપ્રધાનજીનો આભાર વ્યક્ત કરું છું.

પરંતુ ૩ મે ૨૦૨૬ના રોજ યોજાયેલી **NEET-UG** ની પરીક્ષામાં સામે આવેલી અનિયમિતતા જોવા મળી. ભારત સરકારે આને તાત્કાલિક ધ્યાનમાં લઈને તપાસ **CBI**ને સોંપી અને પરીક્ષા રદ કરી તથા ફરીથી પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી. આ સાથે જ આગામી વર્ષથી આ પરીક્ષા સીબીટી **(Computer-based-test)** મોડમાં યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ દરમિયાન આપણી મુખ્ય પ્રાથમિકતા એ રહી કે ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષા સુચારુ રીતે આયોજિત થાય. આ માટે **Whole of Government Approach** (સમગ્ર સરકારના અભિગમ) હેઠળ કામ કરવામાં આવ્યું. જેમાં ભારત સરકારની સાથે રાજય સરકાર, ખાસ કરીને જિલ્લા વહીવટીતંત્રની મહત્વપૂર્ણ ભૂમિકા રહી. સાથે જ, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહયોગથી ૨૧ જૂન ૨૦૨૬ના રોજ આ પરીક્ષા પૂર્ણ થઈ.

પહેલા જ દિવસથી, આના પર મેં જવાબદારી લીધી અને આ પરિસ્થિતિથી ક્યારેય મોં નથી ફેરવ્યું. મારો એ સંકલ્પ હતો કે આપણે કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થીની સંભાવનાઓને પરીક્ષા માફિયાઓના કારણે ખરાબ નહીં થવા દઈએ, કોઈ પણ વિદ્યાર્થી સાથે અન્યાય નહીં થવા દઈએ.

૧૬ જુલાઈના રોજ જાહેર થયેલા નીટ-યુજીના પરિણામો સંતોષકારક રહ્યા જેમાં ગરીબ પૃષ્ઠભૂમિમાંથી આવેલા ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓને પણ સફળતા મળી.પરંતુ આ દરમિયાન પણ ઘણા વિદ્યાર્થીઓને ગુમરાહ કરવા માટે જવાબદાર પદો પર બેઠેલા વ્યક્તિઓએ અડચણો ઊભી કરવાનો પ્રયાસ કર્યો, જેનાથી મન અત્યંત વ્યથિત થયું.

હું હંમેશાં આપણા લોકશાહીના સામર્થ્યમાં અટૂટ વિશ્વાસ ધરાવનારો રહ્યો છું અને યુવાનોની આકાંક્ષાઓ, સપનાઓ અને અપેક્ષાઓનું ઊંડું સન્માન કરતો આવ્યો છું. તેઓ માત્ર ભારતનું ભવિષ્ય જ નથી, પરંતુ એક નવા અને વિકસિત ભારતના વાહક, નિર્માતા અને ભવિષ્યના શિલ્પી પણ છે. છેલ્લા ૧૦ દિવસના ઘટનાક્રમ જોઈને મારું મન દુ:ખી છે. આ મારા માટે વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. ભારતની યુવાશક્તિ જ આ દેશની સાચી તાકાત છે. દેશની યુવાશક્તિને ભ્રમના ચક્રવ્યૂહમાં ફસાવા નહીં દઈએ, એ જ મારો સંકલ્પ છે. જંતર-મંતર પર અને દેશમાં જે પરિસ્થિતિ બની છે, આ પરિસ્થિતિનો રાષ્ટ્રવિરોધી તાકાતો લાભ ન ઉઠાવે, દેશની એકતા જળવાઈ રહે, ભારતના એક પણ વિદ્યાર્થીનું ભવિષ્ય કાનૂની ગૂંચવણોમાં ન અટવાય, આપણા બાળકો પોતાનો સમય અભ્યાસમાં લગાવે, કરિયર બનાવવા પર ફોકસ કરે, આ જ વાત પર વિચાર કરીને મેં મારું રાજીનામું આદરણીય વડાપ્રધાનજીને મોકલી આપ્યું છે. હું આદરણીય વડાપ્રધાનજીના માર્ગદર્શન, વિશ્વાસ અને સતત સહયોગ માટે હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. સાથે જ, મંત્રીપરિષદના મારા તમામ સન્માનિત સહયોગીઓ, મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓ તથા એ તમામ વ્યક્તિઓનો પણ આભાર વ્યક્ત કરું છું, જેમની સાથે મને કામ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. રાષ્ટ્રસેવા મારા જીવનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. હું આના માટે હંમેશા સમર્પિત રહીશ. પ્રભુ શ્રી જગન્નાથજીના આશીર્વાદથી હું ભવિષ્યમાં પણ ભારત માતા, ઓડિશાની જનતા તથા દેશના યુવાનોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે દરેક શક્ય રીતે મારી જાતને સમર્પિત રાખીશ.

## પાના ૧ ઉપરનું ચાલું ભૂકંપથી હડકંપ મચી

મુજબ ભૂકંપનું કેન્દ્ર બિંદુ અમરેલી શહેરથી અંદાજે ૪૧ કિલોમીટર દૂર નોંધાયું હતું. વરસાદી વાતાવરણ વચ્ચે અચાનક ધરતી ધ્રુજતા કેટલાક લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી કોઈ જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના અહેવાલ પ્રાપ્ત થયા નથી. તેમ છતાં સવારના સમયે આવેલા આંચકાના કારણે ખાંભા ગીર પંથકમાં ક્ષણિક હડકંપ મચી ગયો હતો. ગાંધીનગર સિસ્મોલોજી વિભાગે પણ ભૂકંપની સત્તાવાર પુષ્ટિ કરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું લાઠીનાં કૃષ્ણગઢ ગામે

કિંમત રૂપિયા ૮૦,૦૦૦ તથા દાન પેટીમાં દાનમાં આવેલ અંદાજે રોકડ રૂપિયા ૧૨,૦૦૦ તથા તે જ ગામે આવેલ ખોડીયાર માતાજીનાં મઢમાંથી નાના મોટા ચાંદીના છત્તર નંગ ૪૦ વજન અંદાજે દોઢ કિલો કિંમત રૂપિયા ૬૦,૦૦૦ તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦ તથા તે જ ગામે આવેલ પીપળીયા પરિવારના ખોડીયાર માતાજીના મઢમાંથી નાના મોટા છત્તર અંદાજે નંગ ૨૦ વજન આશરે પાંચસો ગ્રામ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા દાનપેટીમાંથી રોકડ રૂપિયા ૬૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૮૮,૦૦૦ના મત્તાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરા : એક બાજુ સિંહ અને

કરવામાં આવતા લોકોને ઘરથી બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું હતું. તો આ વિસ્તારના લોકો દ્વારા માંગ કરવામાં આવી છે કે આ હુડકો વિસ્તારમાં થોડા દિવસ પહેલા એક બાળક ઉપર દીપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો ત્યાં થોડા જ દિવસ પછી ગઈ કાલના રાત્રી દરમિયાન સિંહ દ્વારા રખડતા ઢોર ઉપર હુમલાનો બનાવ બનતા લોકો રાત્રી દરમિયાન ઘરમાંથી બહાર નીકળું પણ મુશ્કેલ બન્યું છે. તો આવી સ્થિતિને કાબુમાં કરી વન તંત્ર દ્વારા આવા જંગલી અને હિંસક જાનવરોને આવા રહેણાંક વિસ્તારમાંથી ખદેડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

બીજા બનાવમાં બગસરામાં આજરોજ સવાર દરમિયાન ખેડૂત પોતાના ખેતરે કામ કરવા માટે જતા હતા ત્યારે પોતાના ખેતરની અંદર કામ કરતા હતા એ દરમિયાન ભૂંડના ટોળા દ્વારા શૈલેષભાઈ કટેશીયા નામના ખેડૂતો પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે આજુબાજુના ખેડૂતોએ દોટ મૂકીને શૈલેષભાઈ ઉપર હુમલો કરનાર આ ભૂંડના ટોળાને ભગાડવામાં આવ્યા હતા. ત્યારબાદ ઈજા પામેલ ખેડૂતને સારવાર અર્થે બગસરા સિવિલ ખાતે લઈ આવ્યા હતા ત્યારબાદ તેમની સારવાર કરવામાં આવી હતી. સારવાર થયા બાદ આ ખેડૂત અને બીજા અન્ય ખેડૂતો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું કે આજકાલ ભૂંડનો ત્રાસ ખૂબ વધતો જાય છે ખેતરોના પાકને ખૂબ નુકસાન પહોંચાડે છે. એટલું જ નહીં પરંતુ આજે તો એક ભૂંડના ટોળાએ ખેડૂત ઉપર હુમલો કરતા આ ભૂંડના ત્રાસને લીધે ખેડૂતોને ખેતી કરવી ખૂબ મુશ્કેલ બની ગઈ છે. તો આવા સંજોગોમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ખેડૂતો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલામાં માર્કેટિંગ યાર્ડ નજીક

તેમજ સ્થાનિક નાગરિકો દ્વારા તંત્ર સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું છે કે, આ મુખ્ય માર્ગ હોવા છતાં સંબંધિત વિભાગ કે તંત્ર દ્વારા લાંબા સમયથી તેની યોગ્ય જાળવણી કે મરામત કરવામાં આવી નથી. રોડ પર પડી ગયેલા ઊંડા ખાડાઓને કારણે દૈનિક ધોરણે લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

સ્થાનિક લોકો દ્વારા તંત્ર પાસે ઉગ્ર માંગણી કરવામાં આવી છે કે, કોઈ મોટો જાનલેવા અકસ્માત સર્જાય તે પહેલાં આ રસ્તા પર પડેલા એક–એક ફૂટનાં ખાડાઓનું તાત્કાલિક પૂરાણ કરવામાં આવે અને રસ્તાનું કાયમી ધોરણે મજબૂત રીપેરિંગ કામ હાથ ધરવામાં આવે. જો વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહીં આવે, તો સ્થાનિકો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે. હવે જોવાનું એ રહે છે કે, જવાબદાર તંત્ર કયારે જાગે છે અને નાગરિકોને આ હાલાકીમાંથી મુક્તિ અપાવે છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં રાજમહેલ કેમ્પસમાં

એક ચોંકાવનારી ઘટના અમરેલી શહેરમાંથી સામે આવી છે. આ આઘાતજનક દ્રશ્યો અમરેલીની કલેકટર કચેરી અને બહુમાળી ભવન વચ્ચે જોવા મળ્યા છે. આ એ જ મુખ્ય વિસ્તાર છે જયાં કલેકટર ઓફિસ, જિલ્લા આયોજન કચેરી, ખાણ ખનીજ વિભાગ, મામલતદાર ઓફિસ, પ્રાંત ઓફિસ તેમજ સુરક્ષા વ્યવસ્થા સંભાળતા સિટી પોલીસ સ્ટેશન અને ડીવાયએસપી ઓફિસ જેવા તમામ અત્યંત મહત્વનાં સરકારી ભવનો આવેલા છે. આ તમામ કચેરીઓના સેન્ટરમાંથી પસાર થતા રોડ વચ્ચે જ નશાખોરો દ્વારા અલગ–અલગ બ્રાન્ડની દારૂની ખાલી બોટલો લાઈનસર ગોઠવીને મુકવામાં આવી છે. અમરેલીનાં 'વીઆઈપી' વહીવટી વિસ્તારમાં દારૂની ખાલી બોટલો મળતા ચકચાર મચી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી–અમદાવાદ રૂટની એસ.ટી.

ડ્રાઈવરની તબિયત વધુ લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે અમરેલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

અમરેલીથી અમદાવાદ રૂટ પર નિયમિત સેવા આપી રહી હતી. મુસાફરોના જણાવ્યા મુજબ ડ્રાઈવરની અચાનક તબિયત બગડવાના કારણે બસ ઉપરનો કાબૂ ગુમાવી દેતા જતાં બસ રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી. સદનસીબે બસ પલટી મારી ન જતાં અને કોઈ મોટી અથડામણ ન થતાં તમામ મુસાફરો સુરક્ષિત બચી ગયા હતા.

આ ઘટનાને પગલે થોડા સમય માટે હાઈવે પર અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં સંબંધિત તંત્ર પણ સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. ડ્રાઈવરની તબિયત બગડવાને અકસ્માતનું પ્રાથમિક કારણ માનવામાં આવી રહ્યું છે. અને તાત્કાલિક સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવેલ છે, જોકે ઘટનાની સત્તાવાર તપાસ બાદ જ ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

### ધારાસભ્યએ અધિકારી સાથે સ્થળ નિરીક્ષણ કર્યુ

# લીલીયા મોટા : સાંઈનાથ અને સિવિલ પ્લોટ વિસ્તારમાં ભરાતા પાણીનો પ્રશ્ન દુર કરાશે

### સમસ્યા દુર કરવા તાત્કાલીક કાર્યવાહી કરવા નિર્દેશ



લીલીયા, તા. ૨૫

લીલીયા શહેરના સાંઈનાથ પ્લોટ અને સિવિલ પ્લોટ વિસ્તારમાં સર્જાતી વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી અને નક્કર ઉકેલ માટે લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્થળ મુલાકાત કરી ચોમાસા દરમિયાન સ્થાનિક રહીશોને પડતી મુશ્કેલીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવીને ધારાસભ્યએ રેલવે વિભાગ તથા માર્ગ અને મકાન (R&B) વિભાગના ઉચ્ચ અધિકારીઓને સાથે રાખીને સ્થળ પર સંયુકત નિરીક્ષણ કર્યુ આ સ્થળ મુલાકાત દરમિયાન ધારાસભ્યએ સાંઈનાથ પરા, મફત પ્લોટ (સિવિલ પ્લોટ) વિસ્તારમાં પાણી ભરાવાના મૂળ કારણોની સમીક્ષા કરી હતી. વરસાદી પાણીના ઝડપી નિકાલ માટેની વર્તમાન વ્યવસ્થા અને તેમાં આવતા અવરોધો અંગે રેલવે અને R&B વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી.


નિરીક્ષણ બાદ ધારાસભ્યએ ઉપસ્થિત તમામ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ અને કડક નિર્દેશ આપ્યા હતા કે વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી તમામ તાંત્રિક (Technical) અને સર્વે ક્ષેત્રે કરવાની થતી કામગીરી તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવી. રેલવે અને માર્ગ–મકાન વિભાગ પરસ્પર સંકલન સાધીને કાયમી લાઈન કે ડ્રેનેજ સિસ્ટમનું આયોજન ઝડપથી હાથ ધરે આ વિસ્તારના નાગરિકોને ચોમાસા દરમિયાન કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે કામગીરીમાં જરાય વિલંબ ન થાય. આ પ્રસંગે સ્થાનિક જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ સહિત રેલવે અધિકારીઓ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દીકરીઓ તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ સ્થાને




ધારી મુકામે યોજાયેલી ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા અંતર્ગત તાલુકા કક્ષાની અંડર–૧૪ ગર્લ્સ કબડ્ડી સ્પર્ધામાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરીને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. પરમ પુજય સંત ડો. રતિદાદાનાં આશીર્વાદ તથા ભારતભુષણ મહેશભાઈ મહેતાનાં સતત માર્ગદર્શન હેઠળ શાળામાં શિક્ષણની સાથે રમતગમતને પણ વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. દીકરીઓમાં આત્મવિશ્વાસ, શિસ્ત, ટીમ ભાવના અને ખેલદિલીની ભાવના વિકસે તે માટે નિયમિત તાલીમ અને સતત પ્રેકિટસ કરાવવામાં આવે છે. જેના પરિણામે શાળાની ટીમ સતત વિવિધ સ્પર્ધામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી રહી છે. આ સિધ્ધી પાછળ પીટીઆઈ હેતલબેન બારૈયાની સતત મહેનત, નિયમિત પ્રેકિટસ, યોગ્ય આયોજન અને પ્રેરણાદાયી માર્ગદર્શનને મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ ટીમે એકતાથી, આત્મવિશ્વાસથી અને ઉત્સાહપૂર્વક રમત રમી તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન હાંસલ કરીને શાળાનું ગૌરવ વધાર્યુ છે. વિજેતા ટીમ તેમજ પીટીઆઈ હેતલબેન બારૈયાને ભારતભુષણ મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા, આચાર્ય, સ્ટાફગણ અને વાલીઓએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમજ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને શાળાનાં નામને વધુ ગૌરવ અપાવવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલીમાં શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજમાં ''ફ્રેશર્સ વેલકમ'' કાર્યક્રમ યોજાયો




અમરેલી શ્રીમતિ ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ ખાતે નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓના સ્વાગતાર્થે ''ફ્રેશર્સ વેલકમ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવી વિદ્યાર્થિનીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને વિદ્યાર્થિનીઓએ ડાન્સ, કેટવોક, વિવિધ રમતો અને મનોરંજક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### માર્ગ–મકાન વિભાગ દ્વારા

## ગોપાલગ્રામ–ચલાલા રોડ પર માઈનોર બ્રિજની પહોળાઈ વધારવાની કામગીરી પૂર્ણ

**બ્રિજ પરથી રાબેતા મુજબ વાહનવ્યવહાર શરૂ; ચોમાસામાં અવરજવર રહેશે સરળ**



અમરેલી, તા. ૨૫

માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા ગોપાલગ્રામથી ચલાલા રોડ પર કિ.મી. ૧૯/૩૭૫ ખાતે આવેલા માઈનોર બ્રિજની પહોળાઈ વધારવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

બ્રિજની કામગીરી પૂર્ણ થતાં અગાઉ બનાવવામાં આવેલ ડાયવર્ઝન પરથી વાહનવ્યવહાર બંધ કરી હવે મૂળ બ્રિજના સ્ટ્રકચર પરથી વાહન વ્યવહાર શરૂ કરવામાં આવ્યો છે. બ્રિજની પહોળાઈમાં વધારો થતાં વાહનોની અવરજવર વધુ સુગમ અને સલામત બનશે. ખાસ કરીને ચોમાસા દરમિયાન વરસાદી પરિસ્થિતિમાં ડાયવર્ઝનના કારણે સર્જાતી મુશ્કેલીઓ દૂર થતાં વાહનવ્યવહાર કોઈપણ પ્રકારની અડચણ વિના ચાલુ રહી શકશે.

માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા સમયસર કામગીરી પૂર્ણ કરી વાહનવ્યવહાર પુનઃસ્થાપિત કરવામાં આવતા સ્થાનિક ગ્રામજનો તેમજ આ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકોને નોંધપાત્ર રાહત મળી છે.

### સતત ત્રીજી ટર્મ માટે જવાબદારી સોંપાઈ

## અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિનાં મોરચાનાં ઉપપ્રમુખ પદે મધુભાઈ ચાવડાની વરણી

**મિત્રો, શુભેચ્છકો અને કાર્યકરોએ શુભેચ્છા પાઠવી**



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિનાં ઉપપ્રમુખપદે સતત ત્રીજી વખત મધુભાઈ ચાવડાને જવાબદારી સોંપવામાં આવી છે.

પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિનાં અધ્યક્ષ ડો. કિરીટભાઈ સોલંકીનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી અને સંગઠન પ્રભારી અજયસિંહ ચૌહાણ સાથે ચર્ચા કરીને જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાનાં પ્રમુખ મુકેશભાઈ બગડાએ નિમણુંક કરતાં તેઓને મિત્રો, શુભેચ્છકો અને કાર્યકરોએ શુભેચ્છા પાઠવી છે.

### ''એઈમ્સ'' હોસ્પિટલ જેવી સુવિધા સાથે

## સૌરાષ્ટ્રનાં દરેક તાલુકા મથકોએ આયુર્વેદ સાયન્સની સ્વતંત્ર હોસ્પિટલ ઉભી કરવી જોઈએ

**જાગૃત નાગરિક રાજેશ ભાતેલીયાએ આયુષ નિયામકને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૨૫

રાજકોટનાં જાગૃત નાગરિક રાજેશ ભાતેલીયાએ રાજયનાં આયુષ વિભાગનાં નિયામકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સમગ્ર વિશ્વમાં અને સમગ્ર દેશમાં આયુર્વેદ સાયન્સને તમામ પ્રકારના અસાધ્ય, હઠીલા, જટિલ અને ગંભીર રોગોથી પીડાતા તથા વાઈરસજન્ય રોગો માટે ટોપપ્રાયોરીટી કાયમી ધોરણે મળે તે ખૂબ ઈચ્છનીય છે. તાલુકા લેવલે પણ સંપૂર્ણ સુવિધાયુકત વિની શ્રેષ્ઠકક્ષાની તમામ રોગોના ઈલાજ માટે શ્રેષ્ઠ કક્ષાની આયુર્વેદ સાયન્સની હોસ્પિટલો ઊભી કરવામાં આવે અને જેમાં ઓર્ગેનિક રીતે અનાજ, શાકભાજી, ફળો ઉગતા થાય અને ત્યાં જ તેનો ઉપયોગ થાય તેમજ ઔષધવનનું નિર્માણ થાય જેમાં હોસ્પિટલમાં ઉપયોગી તમામ પ્રકારના ઔષધોનું ઉત્પાદન થાય અને ત્યાં જ તેનો ઉપયોગ થાય અને આવી હોસ્પિટલોમાં તિબેટીયન નાડીવૈદ્ય, તિબેટીયન દવા સાથે તથા આયુર્વેદિક અનુભવી નિષ્ણાંતો તથા નેચરોપેથી અને હોમિયોપેથી એકસપર્ટ નિમવામાં આવે અને વિની શ્રેષ્ઠકક્ષાની હોસ્પિટલોમાંથી નિવૃત થયેલ અને માત્ર સેવા કરવાની ભાવના તે પણ નિઃસ્વાર્થ ભાવે ધરાવતા હોય તેવા નિવૃત સેવાભાવી, માનવતાવાદી એમ.ડી., એમ.એસ.ને નિમવામાં આવે અને જે દેશોમાં નર્સો અત્યંત સેવાભાવી હોય અને તેઓ નિઃસ્વાર્થ ભાવે કોઈપણ અપેક્ષા વગર, માનવતાના ખાતર મદદ કરવા તૈયાર હોય તેઓની પણ સેવા લેવી જોઈએ. આપણા દેશમાં પણ આવા સેવાભાવી હોય તો તેઓની પણ મદદ લઈ શકાય અને આવી હોસ્પિટલોમાં માત્ર આયુર્વેદ સાયન્સને સર્વોચ્ચ મહત્વ મળે અને આયુર્વેદ રીસર્ચ સેન્ટર પણ ઉભું કરવા માટે ટૂંકમાં આયુર્વેદમાં જેને રસ છે અને આયુર્વેદમાં જેમને શ્રધ્ધા છે અને આડઅસર વગરની સંપૂર્ણ સારવાર દ્વારા દર્દીઓની સેવા કરવા તત્પર છે તેવા લોકોની જ નિમણુંક થવી જોઈએ. એટલે કે દેશભરમાં એઈમ્સ મેડીકલ હોસ્પિટલની જેમજ આયુર્વેદ સાયન્સની અત્યંત વિશાળ, સંપૂર્ણ સુવિધાયુકત, ઔષધવન સાથે સ્વતંત્ર હોસ્પિટલો દરેક રાજયોમાં સ્થાપવા માટે નમ્ર વિનંતી છે. ભારતની અત્યંત પ્રાચીન અને સફળ નિવડેલી આડઅસર વગરની સંપૂર્ણ સલામત વિશાળ રીસર્ચ સેન્ટર સાથેની સ્વતંત્ર આયુર્વેદ હોસ્પિટલો સ્થાપવામાં આવે અને નિયમીત રીતે વિશેષ મહત્વ આપવામાં આવે. ભારતના પ્રાચીન વારસાને નિયમીતરૂપે વ્યાપક પ્રમાણમાં મહત્વ આપવામાં આવે જેથી કરીને આમ જનતાને તમામ પ્રકારના રોગો માટે એટલે કે જટીલ, અસાધ્ય અને હઠીલા રોગોમાં આડઅસર વગરની સંપૂર્ણ સલામત આયુર્વેદિક સારવાર પ્રાપ્ત બની શકે. આ સ્વતંત્ર આયુર્વેદિક હોસ્પિટલોમાં આયુર્વેદિક એકસપર્ટ, તિબેટીયન નાડીવૈદ્ય, નેચરોપેથી નિષ્ણાંત, એકયુપ્રેસર નિષ્ણાંત તથા હોમિયોપેથી નિષ્ણાંતને સામેલ કરવામાં આવે તથા જરૂર પડયે એકસ–રે અને સોનોગ્રાફીની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવે. સમગ્ર ભારતમાં તમામ લેબોરેટરી રીપોર્ટ સ્થાનિક સરળ ભાષામાં તમામ હોસ્પિટલ, તમામ લેબોરેટરી આપે તે માટે પણ યોગ્ય કરવુ જરૂરી છે.દરેક રાજયોમાં, કેન્દ્ર શાસિત પ્રદેશોમાં તથા રાષ્ટ્રીય કક્ષાએ આયુર્વેદને વિશેષ મહત્વ નિયમીત પણે મળે તે માટે પગલા ભરવામાં આવે. સાથે સાથે દરેક રાજયોમાં તથા રાષ્ટ્રીય લેવલે આયુર્વેદિક, તિબેટીયન, નેચરોપેથી, એકયુપ્રેસર, હોમિયોપેથ રીસર્ચ સેન્ટર ઉભુ કરવામાં આવે અને તે સતત કાર્યરત રહે તે માટે સંપૂર્ણ સુવિધા આપવામાં આવે. આ રીસર્ચ સેન્ટરમાં અત્યંત અનુભવી, સેવાભાવી, આયુર્વેદ, તિબેટીયન, નેચરોપેથી એકયુપ્રેસર, હોમિયોપેથના નિષ્ણાંતોને નિમવામાં આવે જે કોરોના સહિત તમામ પ્રકારના હઠીલા, જટીલ, અસાધ્ય રોગોની સંપૂર્ણ સલામત, સસ્તી દવાઓની શોધ સતત કરતા રહે અને જેઓ ઉતમ કક્ષાની દવાઓનું નિર્માણ કરે, નિઃસ્વાર્થ ભાવે આયુર્વેદને આગળ લઈ જવા મદદ કરતા હોય તેઓનું દર બે વર્ષે એવોર્ડ અને રોકડ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવે. તાત્કાલીક કોરોના સહિત તમામ જટીલ, અસાધ્ય, હઠીલા રોગોની સારવાર આયુર્વેદિક, નેચરોપેથી અને તિબેટીયન નાડીવૈદ્યના સમન્વયથી તેઓની ઉપસ્થિતિમાં તેઓના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલોમાં વિનામુલ્યે અને ઘરે નજીવા દરે ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય કરવા વિનંતી છે.અમારી વિનંતી એ છે કે, તમામ રાજયોમાં સરકારી એકયુપ્રેસર, આયુર્વેદિક, તિબેટીયન, નેચરોપેથી યુનિવર્સિટીની સ્થાપના દરેક રાજયમાં ઓછામાં ઓછી આઠ જગ્યાએ કરવામાં આવે તથા આ માટે સરકારી કોલેજો પણ ઉભી કરવામાં આવે. વિના તમામ દેશો આયુર્વેદને માન્યતા આપે તે માટેના પ્રયાસો કરવામાં આવે તે માટે તિનંતી છે તથા નેચરોપેથી રથ તથા આયુર્વેદિક રથ, ધનવંતરી રથની માફક આયુર્વેદ નિષ્ણાંતો અને નેચરોપેથી નિષ્ણાંતોની હાજરી સાથે એ શકય હોય ત્યાં તિબેટીયન નાડી વૈધની ઉપસ્થિતિમાં તિબેટીયન આરોગ્ય રથ સમગ્ર ભારતમાં દોડાવવામાં આવે એટલે કે આયુર્વેદને નિયમીત રીતે ટોપપ્રાયોરીટી સમગ્ર દેશમાં અને વિમાં મળતી રહે તે માટે સજેશન છે.

## ખાંભાના વાંકુ ની ધાર ખાતે પંચમુખી હનુમાનજી દાદાના સાંનિધ્યમાં ગુરૂપૂર્ણિમાં મહોત્સવ યોજાશે



ખાંભા, તા.૨૫

ખાંભાના ઈંગોરાળા ગામ નજીક આવેલા જગ પ્રસિદ્ધ વાંકુ ની ધાર ખાતે પંચમુખી હનુમાનજી દાદાના સાંનિધ્યમાં ૨૯ જુલાઈ ગુરૂપૂર્ણિમા મહત્વ ઉત્સવ ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે તેમા મનીન્દરજીત સિંહ બીટાની ખાસ ઉપસ્થિતિમાં ગુરૂપૂજન અને યજ્ઞ યોજાશે પવિત્ર ધામ એવા ખાંભા તાલુકાના ઈંગોરાળા નજીક આવેલા પંચમુખી હનુમાનજી મંદિર વાંકુની ધાર ખાતે આગામી તારીખ ૨૯ /૭ /૨૦૨૬ ના બુધવારના પવિત્ર દિવસે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામ ધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે આ મહોત્સવ પરમ પૂજય મહંત શ્રી રામ બાલકદાસબાપુ તથા કરૂણાનિદાનદાસ બાપુના પવન સાંનિધ્યમાં યોજાશે આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે અખિલ ભારતીય આંતકવાદ વિરોધી મોરચાના અધ્યક્ષ શ્રીમનીન્દરજીત સિંહ બીટા ઉપસ્થિત રહીને મહોત ઉત્સવની શોભા વધારશે અને આ પવિત્ર ધાર્મિક ઉત્સવમાં સૌરાષ્ટ્રમાંથી બોળી સંખ્યામાં સેવકો ભાવિ ભક્તો ઉમટી પડશે પરમ પૂજય મહંત શ્રી રામ બાલકદાસ બાપુ તથા કરૂણા નિદાનદાસ બાપુ દ્વારા તમામ ધર્મ પ્રેમી જનતાના પવિત્ર ગુરૂપૂર્ણિમા મહોત ઉત્સવ યજ્ઞદર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યુ જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેમાં તા. ૨૯ ૭/૨૦૨૬ ને બુધવારના સવારે ૯ કલાકે શાસ્ત્રોક્ત વિધિથી ગુરૂ પૂજન તથા ગુરૂ ધારણા સવારે ૯:૩૦ કલાકે યજ્ઞ તેમજ બપોરે ૧૧:૩૦ કલાકે તમામ ભક્તો માટે મહાપ્રસાદનું ભવ્ય અને સુંદર આયોજન થશે અને આ મહાપ્રસાદના દાતા ગામ ઈંગોરાળા અશ્વિનભાઈ બાલુભાઈ સભાયા, કમલેશભાઈ ગોવિંદભાઈ સભાયા, મીત અશ્વિનભાઈ સભાયા તેમજ ઈંગોરાળા પરિવાર દ્વારા સેવા આપશે સ્થળ પંચમુખી હનુમાનજી મંદિર વાંકુની ધાર આશ્રમ.

## લીલીયા મોટા પંથકનાં ખેડૂતોને થયેલ નુકસાન અંગે રજુઆત

લીલીયા, તા. ૨૫

લીલીયા મોટા વિસ્તારમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે લીલીયા તાલુકાના અનેક ગામોમાં ખેડૂતોના ઉભા પાકને ભારે નુકસાન થયું છે. આ અંગે નાના લીલીયા તાલુકા પંચાયતના સદસ્ય રાણજીતભાઈ ખૂમાણ દ્વારા સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર પાઠવી લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે નાના લીલીયા, લોકી, વાઘણીયા, પીપળવા સહિતના ગામોમાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન થયું છે. અનેક ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેતીને ભારે અસર પહોંચી છે. તેથી તાત્કાલિક સર્વે કરીને અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર અને આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત શેલ નદીમાંથી નાના લીલીયા તરફ આવતી ભાંભળી નદીમાં વરસાદી પાણીના કારણે વારંવાર પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે, જેના કારણે ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે ભાંભળી નદીને ઉંડી ઉતારવા યોગ્ય પાણી નિકાલની વ્યવસ્થા અને ડ્રેનેજ સિસ્ટમ ઉભી કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

## બગસરા : આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૨૫

જિલ્લા રોજગાર વિનિમય કચેરી–અમરેલી અને એદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) બગસરાના સંયુકત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો આગામી તા. ૨૭/૦૭/૨૦૨૬ (સોમવાર)ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઈ.ટી.આઈ. બગસરા ખાતે યોજાશે.

આ મેળામાં EDF INTERNATIONAL NETWORKS કંપની દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલર જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ઉમેદવારની વય ૧૮ થી ૫૦ વર્ષ હોવી જોઈએ. શૈક્ષણિક લાયકાત આઈ.ટી.આઈ ઈલેકટ્રીશીયન, વાયરમેન અથવા ધોરણ ૧૦ અને ૧૨ પાસ સાથે ૧ વર્ષનો અનુભવ જરૂરી છે. પગાર રૂ. ૨૫ હજાર પ્રતિ માસ રહેશે. કાર્યસ્થળ અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ રહેશે. EDF INTERNATIONAL NETWORKS કંપનીમાં માત્ર પુઢષ ઉમેદવારો જ ભાગ લઈ શકશે.

રસ ધરાવતા ઉમેદવારોએ ભરતીમેળાના સ્થળે પોતાના મૂળ શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા (Resume) જેવા જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે. ખાસ નોંધનીય છે કે, ભરતી મેળામાં ભાગ લેતા પહેલા ઉમેદવારોએ ફરજીયાતપણે અનુબંધમ પોર્ટલ પર જઈને પોતાની ઓનલાઈન નોંધણી (Registration) કરાવી લેવી. આ ભરતી મેળા અંગે વધુ વિગતો કે સહાય માટે ઉમેદવારો જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ફોન નંબર ૦૨૭૯૨–૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### રાજયકક્ષાનાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંતર્ગત

## અમરેલી ખાતે પ્રિ-ઈન્ડીપેન્ડન્સ ડે એકિટવિટી અંતર્ગત સિંગીગ (રાષ્ટ્રીય ગીતો), હેરિટેજ ફોટોગ્રાફી તથા પ્રદર્શન સ્પર્ધાનું આયોજન

**સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકો ૫ ઓગસ્ટ સુધીમાં પ્રવેશ ફોર્મ પહોંચતુ કરે**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા ખાતે યોજાનાર રાજયકક્ષાના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દરમિયાન પ્રિ–ઈન્ડીપેન્ડન્સ ડે એકિટવિટી અંતર્ગત, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી દ્વારા, આગામી તા. ૭/૮/૨૦૨૬ના રોજ સિંગીંગ સ્પર્ધા તથા તા. ૧૦/૮/૨૦૨૬ના રોજ હેરિટેજ ફોટોગ્રાફી સ્પર્ધા તથા પ્રદર્શન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા ભાઈઓ–બહેનોએ તા. ૫/૮/૨૦૨૬ સુધીમાં પોતાની એન્ટ્રી (પ્રવેશ ફોર્મ) જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક–સી, રૂમ નં. ૧૧૦/૧૧૧, અમરેલી ખાતે રૂબરૂમાં/ટપાલથી પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધાના ફોર્મ કચેરીના બ્લોગ એડ્રેસ dydoamreli.blogpost.com પરથી મેળવી શકાશે. વધુ માહિતી માટે કચેરીના ફોન નં. ૦૨૭૯૨ ૨૨૩૬૩૦ પર સંપર્ક કરવો. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### અમરેલીવાસીઓ તમારી સર્જનાત્મકતાને આપો સ્વાતંત્ર્ય પર્વનો અનોખો રંગ !

## અમરેલીના આંગણે રાજય કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધા

**મહત્તમ ૬૦ સેકન્ડની રીલ અથવા ૩ મિનિટની શોર્ટ ફિલ્મ બનાવીને બતાવો તમારી કળા**

અમરેલી, ૨૫

રાજય કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માટે અમરેલી જિલ્લો થનગની રહ્યો છે. ત્યારે અમરેલીવાસીઓની સર્જનાત્મકતાને વિશિષ્ટ મંચ પૂરૂં પાડવા માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી, અમરેલી દ્વારા રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

**સ્પર્ધાના વિષયો :**

૧. અમરેલી જિલ્લાની ૮ દાયકાની વિકાસયાત્રા, ૨. ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે દેશભકિતના રંગે રંગાતું અમરેલી (દેશભકિતનો સંદેશ આપતી કૃતિ), ૩. ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી અમરેલીના આંગણે : લોકોના હૈયે અનેરો ઉત્સાહ

સ્પર્ધકો મહત્તમ ૬૦ સેકન્ડની રીલ અથવા ૩ મિનિટ સુધીની શોર્ટ ફિલ્મ બનાવીને પોતાની કળા રજૂ કરી શકે છે. વિજેતા સર્જકોને સન્માનપત્ર આપી, તેમની કૃતિઓને જિલ્લાના તમામ અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પ્રસારિત કરી તેમની પ્રતિભાને બિરદાવવામાં આવશે.

રસ ધરાવતા સ્પર્ધકોએ નામ, ઉંમર, મોબાઈલ નંબર અને સરનામાંની વિગતો સાથેની એન્ટ્રી તા. ૦૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં inforeelamreli@gmail.com પર ઈ–મેઈલ દ્વારા અથવા જિલ્લા માહિતી કચેરી, હોટલ દર્શનની સામે, અમરેલી ખાતે રૂબરૂ જમા કરાવવાની રહેશે. વધુ માહિતી કે માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા માહિતી કચેરીનો સંપર્ક કરી શકાશે.

આવો, આ સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણીમાં આપણી સર્જનાત્મકતા ઉમેરીએ અને આ યાદગાર ઉજવણીનો વિશેષ હિસ્સો બનીએ !

### ૦૫ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ સુધી

## અમરેલીમાં રાજયકક્ષાની સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાઓ યોજાશે

**નિબંધ, ચિત્ર, વકતૃત્વ, દેશભકિત ગીત વિદ્યાર્થીઓ રજુ કરી શકશે**

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં રાજયકક્ષાની સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પહેલાં ૫ ઓગસ્ટથી ૧૩ ઓગસ્ટ સુધી વિદ્યાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા વિવિધ સ્પર્ધાઓની તારીખ જાહેર કરવામાં આવી છે.આ સ્પર્ધાઓમાં ૯ ઓગસ્ટે તાલુકા કક્ષાની અને ૧૦ ઓગસ્ટે જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ થશે. આ સ્પર્ધામાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટીશન, રમતગમત સ્પર્ધાઓ, દેશભકિત ગીતોની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાઓ અંતર્ગત ૧૦ ઓગસ્ટે વિ સિંહ દિવસની ઉજવણી થશે. તેમજ શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ થશે.

૧૩ ઓગસ્ટે તાલુકા કક્ષાએ જયારે ૧૪ ઓગસ્ટે જિલ્લા કક્ષાએ સ્વાતંત્ર્ય દિન થીમ આધારીત મહેંદી સ્પર્ધા યોજાશે. જયારે ૧૩ ઓગસ્ટે શાળાઓમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જાગૃત્તિ અભિયાન અને વેશભૂષા સ્પર્ધા યોજાશે. વિદ્યાર્થીઓ ગામે ગામ પ્રભાતફેરી કરી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંગે રાષ્ટ્રભકિનો માહોલ સર્જશે.

## જંતર–મંતરના ૩૬ દિવસના વિદ્યાર્થી આંદોલનની ઐતિહાસિક જીત લોકશાહી અને બંધારણની જીત છે : કાંતિલાલ પરમાર

અમરેલી, તા. ૨૫

માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારએ જણાવ્યું છે કે દિલ્હીના જંતર–મંતર ખાતે છેલ્લા ૩૬ દિવસથી શાંતિપૂર્ણ અને અહિંસક રીતે ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનને ઐતિહાસિક સફળતા મળી છે. આ આંદોલન માત્ર વિદ્યાર્થીઓની માંગણીઓ પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ બંધારણીય અધિકારો, શિક્ષણના અધિકાર, લોકશાહી, ન્યાય અને માનવ અધિકારોની રક્ષા માટેની રાષ્ટ્રીય લડાઈ બની ગયું હતું.

કાંતિલાલ પરમારે જણાવ્યું કે વિદ્યાર્થીઓના સતત અને અહિંસક સંઘર્ષના પરિણામે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું છે. વધુમાં, માહિતી મુજબ કેન્દ્રીય કેબિનેટે વિદ્યાર્થીઓની માંગણીઓને ધ્યાનમાં રાખીને જરૂરી કાયદો લાવવાનો નિર્ણય કર્યો છે, જે સંસદમાં રજૂ થવાનો છે. વિદ્યાર્થી આપઘાતના બનાવોમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓના પરિવારોને વળતર આપવાની તેમજ જવાબદાર આરોપીઓ સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ઝડપથી કેસ ચલાવી કડક સજા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે સમગ્ર આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓએ સંપૂર્ણ શાંતિપૂર્ણ અને અહિંસક માર્ગ અપનાવ્યો હતો. તેમ છતાં અનેક સ્થળોએ વિદ્યાર્થીઓ સામે પોલીસ દ્વારા લાઠીચાર્જ, મારઝૂડ, અટકાયતો અને ખોટા કેસો કરવામાં આવ્યા હોવાના આક્ષેપો થયા. સોશિયલ મીડિયામાં પણ વિદ્યાર્થીઓને ડરાવવા, ધમકાવવા અનેબદનામ કરવા માટે ખોટો પ્રચાર કરવામાં આવ્યો હતો, છતાં વિદ્યાર્થીઓ પોતાના બંધારણીય અધિકારો માટે અડગ રહ્યા.કાંતિલાલ પરમારે જણાવ્યું કે સમગ્ર દેશના નાગરિકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, સામાજિક સંસ્થાઓ અને વિવિધ રાજકીય પક્ષોએ વિદ્યાર્થીઓના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો. સંસદની અંદર અને બહાર પણ વિદ્યાર્થીઓના મુદ્દે વ્યાપક ચર્ચા થઈ. આંદોલનની વિસ્તરે નોંધ લેવાઈ અને સોનમ વાંગચુકના ઉપવાસે પણ આ લડતને નૈતિક બળ પૂરૂં પાડયું હોવાનું તેમણે જણાવ્યું.તેમણે કહ્યું કે આ સમગ્ર ઘટનાક્રમે ફરી એકવાર સાબિત કર્યુ છે કે લોકશાહીમાં જનતાનો અવાજ સર્વોપરી છે અને બંધારણીય મૂલ્યો માટે શાંતિપૂર્ણ રીતે લડવામાં આવે તો પરિવર્તન શકય બને છે.અંતમાં કાંતિલાલ પરમારે આ બંધારણીય અને માનવ અધિકારોની લડાઈમાં સીધા કે પરોક્ષ રીતે જોડાયેલા તમામ વિદ્યાર્થીઓ, નાગરિકો, સામાજિક કાર્યકરો, પત્રકારો અને દેશભરના સમર્થકોનો આભાર વ્યકત કર્યો હતો.'' આ જીત માત્ર વિદ્યાર્થીઓની નથી; આ લોકશાહીની જીત, બંધારણની જીત, શિક્ષણના અધિકારની જીત, માનવ અધિકારોની જીત અને સમગ્ર દેશની જીત છે.''

શુ આપને સાંધા બદલવાનાં ઓપરેશનની સલાહ આપેલી છે
શુ આપ થાપાના કે ઘૂંટણનાં સાંધાના દુઃખાવાથી પીડાવ છો ?
માં કાર્ડ તથા આયુષ્માન કાર્ડમાં આપની સારવાર તથા ઓપરેશન તદ્દન ફ્રીમાં કરી આપવામાં આવશે
24/7 Emergency Services GUVNL
ડો. ભાર્ગવ ટી. નિમાવત M.S. Orthoedics, F.I.J.R
NETRA CHIKITSA TRUST MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૨૩૩૧૬
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629/ 99045 93355

# અમરેલી જિલ્લાનાં અનેક ગામો અને શહેરોમાં જંગલી પશુઓનો અડિંગો

# બગસરા : એક બાજુ સિંહ અને બીજી બાજુ ભૂંડનાં ટોળાનું આગમન

**રહેણાંક વિસ્તારથી લઈને ખેતર વિસ્તારમાં સતત જોખમ જોવા મળી રહ્યું છે**

**શહેરી વિસ્તારોમાં રખડુ શ્વાન, આખલા અને બહારનાં વિસ્તારમાં સિંહ, દીપડા અને હવે ભૂંડ આવી ગયા**

**ગરીબી, મોંઘવારી, બેરોજગારી વચ્ચે જનતાને પશુઓ પણ ડરાવી રહ્યા છે**

**વિશાળ વહીવટીતંત્ર માનવ વસાહતમાં જોખમી રીતે ફરતાં પશુઓને સલામત સ્થળે ખસેડતું નથી**









તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫

બગસરામાં આજે એક બાજુ સિંહ ધ્વારા પશુનું મારણ અને બીજી તરફ ભૂંડનાં ટોળાએ ખેડૂત ઉપર હુમલો કરતાં ફફડાટ ફેલાયો છે.

પ્રથમ બનાવમાં બગસરામાં રહેણાંક વિસ્તાર જેવા કે હુડકો કોલોની વિસ્તારમાં રાત્રિ દરમિયાન સિંહ દ્વારા ગાયનું મારણ કરી મીજબાની માણી હતી. આ રહેણાંક વિસ્તારમાં જગદીશ પ્રોવિઝન સ્ટોર નામની દુકાનની સામે આવેલા એક ખુલ્લા ગ્રાઉન્ડની અંદર સિંહ દ્વારા ગાયનું મારણ કરવામાં આવ્યું હતું ત્યારે લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. આ બાબતની જાણ એક જાગૃત નાગરિક દ્વારા વન વિભાગને કરવામાં આવતા વન વિભાગ દ્વારા સ્થળ તપાસ કરી સિંહના પંજાના નિશાન ઉપરથી પુષ્ટિ કરવામાં આવી હતી કે સિંહ દ્વારા જ આ મારણ કરવામાં આવ્યું હતું ત્યારે લોકોમાં ભય ઉભો થયો હતો. આજકાલ સિંહો દ્વારા માનવ ઉપર જીવલેણ હુમલા થઈ રહ્યા છે ત્યારે શહેરના હુડકો કોલોની વિસ્તારની અંદર સિંહો દ્વારા ગાયનું મારણ

અનુસંધાન પાના ૬ ઉપર

**વાહન ચાલકોને પસાર થવુ મુશ્કેલ**

## રાજુલામાં માર્કેટિંગ યાર્ડ નજીક ભેરાઈ માર્ગ ઉપર મસમોટા ગાબડા

**જવાબદાર વિભાગ માર્ગની મરામત કરે તેવી માંગ**

રાજુલા, તા. ૨૫

રાજુલા શહેરના અત્યંત મહત્વપૂર્ણ અને વ્યસ્ત ગણાતા માર્કેટિંગ યાર્ડ સામેથી ભેરાઈ ગામ તરફ જતા મુખ્ય રસ્તા પર હાલમાં ખાડાઓનું સામ્રાજય પથરાઈ ગયું છે. માર્ગ પર એક–એક ફૂટ ઊંડા અનેક ખાડાઓ પડી જતાં આ વિસ્તારમાંથી પસાર થતાં વાહનચાલકો, રાહદારીઓ અને સ્થાનિક રહીશો માટે ભારે હાલાકી ઉભી થઈ છે. રોજનાં હજારો લોકો માટે આ રસ્તો મુશ્કેલીનો અડ્ડો બની ગયો છે.



સ્થાનિકોનાં જણાવ્યા અનુસાર, માર્કેટિંગ યાર્ડ સામેના આ માર્ગ પરથી દરરોજ નાના–મોટા અસંખ્ય વાહનોની આવન–જાવન રહે છે. પરંતુ રસ્તા પર પડેલા મોટા ખાડાઓને કારણે દ્વિચક્રી વાહનો અવારનવાર સ્લીપ થઈ રહ્યા છે અને નાના–મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન કે સામાન્ય પાણી ભરાવાનાં કારણે ખાડાઓનો અંદાજ આવતો નથી, જેથી અજાણ્યા વાહનચાલકો સીધા આ ખાડાઓમાં ખાબકે છે અને શારીરિક ઈજાઓનો ભોગ બને છે.

આ બિસ્માર રસ્તાના કારણે સૌથી વધુ માઠી અસર વડીલો, બહેનો, નાના બાળકો અને હોસ્પિટલે જતાં દર્દીઓ પર પડી રહી છે. ગંભીર બીમારી કે ઈમરજન્સીની સ્થિતિમાં દર્દીઓને આ રસ્તેથી લઈ જવા એક મોટો પડકાર બની ગયો છે. ખાડાઓને કારણે વાહનોમાં થતાં આંચકાઓથી દર્દીઓની તકલીફોમાં વધારો થાયછે. આ ઉપરાંત, શાળા–કોલેજે જતી દીકરીઓ અને મહિલાઓ માટે પણ આ રસ્તા પરથી સુરક્ષિત રીતે પસાર થવું અત્યંત જોખમી બની ગયું છે.

આ અંગે સામાજિક અને સ્થાનિક અગ્રણી દેવશીભાઈ બાંભણિયા

અનુસંધાન પાના ૬ ઉપર

**વહીવટી તંત્રને બદનામ કરવાનો પ્રયાસ હોય તેવુ લાગે**

## અમરેલીનાં રાજમહેલ કેમ્પસમાં ટીખ્ખળખોરે દારૂની ખાલી બોટલ વૃક્ષની નીચે મુકી દીધી

**સિટી પોલીસે સીસીટીવીની મદદથી તપાસ કરવી જરૂરી**




અમરેલી, તા. ૨૫

ગાંધીનાં ગુજરાતમાં દારૂ બંધીનાં કાયદાનાં લીરેલીરા ઉડાવતી

અનુસંધાન પાના ૬ ઉપર

## રીમઝીમ વરસાદ વચ્ચે ડુંગર પર સિંહનો રજવાડી ઠાઠ



અમરેલી જિલ્લામાં સૌથી વધુ એશિયાટિક સિંહોનો વસવાટ હોવાથી ચોમાસાની ઋતુમાં ગીર અને આસપાસના વિસ્તારોમાં કુદરત અને વન્યજીવનનો અદભુત સંગમ જોવા મળી રહ્યો છે. રીમઝીમ વરસાદ વચ્ચે ખાંભા તાલુકાના નાનુડી ગામ નજીક રેવેન્યુ વિસ્તારમાં આવેલા ડુંગર પર આરામ ફરમાવતા સિંહનો એક મનમોહક નજારો સિંહપ્રેમીના કેમેરામાં કેદ થયો છે. ચોમાસાની ઋતુ માત્ર માનવીઓ માટે જ નહીં પરંતુ વન્ય પ્રાણીઓ માટે પણ સૌથી અનુકૂળ અને મનગમતી ઋતુ માનવામાં આવે છે. સતત વરસતા વરસાદ અને હરિયાળીથી છલકાતા ગીર પંથકમાં સિંહો પણ ઠંડકભર્યા વાતાવરણની મજા માણતા જોવા મળે છે. ત્યારે ખાંભા તાલુકાના નાનુડી ગામ નજીક આવેલા એક ડુંગર પર સિંહ રજવાડી ઠાઠથી બેસી રીમઝીમ વરસાદનો આનંદ માણતો જોવા મળ્યો હતો. વરસાદી વાતાવરણ વચ્ચે ડુંગરની ટોચ પર બેઠેલા સિંહોની આ અનોખી અદા અને રાજવી ઠાઠ જોઈને કુદરતપ્રેમીઓ પણ મંત્રમુગ્ધ બની ગયા હતા. આ સમગ્ર દશ્ય એક સિંહપ્રેમીએ પોતાના કેમેરામાં કેદ કર્યુ હતું. સોશ્યલ મીડિયામાં આ વીડિયો લોકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વરસાદી માહોલ વચ્ચે હરિયાળીથી છવાયેલા ડુંગરો અને વચ્ચે રાજવી અંદાજમાં બેઠેલા સિંહનો આ નજારો અમરેલી જિલ્લાના ગીર પંથકની કુદરતી સમૃદ્ધિ અને એશિયાટિક સિંહોના સુરક્ષિત વસવાટની જીવંત ઝલક રજૂ કરે છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957 (Jitendra Chavda)
APPLY NOW

અમરેલીમાં બંગલો વેચવાનો છે
અમરેલીમાં ૩ બેડરૂમ, ફુલ ફર્નીચર, સોલાર સાથે કોર્નર સાઈડનો બંગલો વેચવાનો છે
:: સ્થળ ::
ગંગાવિહાર, લાઠી રોડ, અમરેલી
મો : ૮૮૫૮૭ 33333

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
★★★★★
★★★
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)